R.N.I. No. 14593/1957

# પગદંડી

PAGDANDI

VOL.68 ISSUE NO. 12 - MARCH 2026 - 52 PAGES - RS. 15/-



Shree Kutchi Visha Oswal Seva Samaj
C.V.O.D., Jain Mahajanwadi, 3rd Floor, 99-101, Keshavji Naik Road, Chinchbunder, MUMBAI - 400 009.
**Phone : 23714674 / 2377 3032 - E-mail : pagdandi@kvoss.org**

સમાજના સર્વાંગી વિકાસ માટે સતત કાર્યરત

# શ્રી કચ્છી વીશા ઓસવાળ સેવા સમાજ

શ્રી ક.વિ.ઓ.દેરાવાસી જૈન મહાજનવાડી, ત્રીજે માળે, ૯૯-૧૦૧, કેશવજી નાઈક રોડ ચીંચબંદર, મુંબઈ - ૪૦૦૦૦૯

૨૩૭૧૪૬૭૪, ૨૩૭૭૩૦૩૨, ૨૩૭૧૫૦૫૦, ૨૩૭૧૫૧૫૧, ૪૦૧૬૪૩૪૩ / + Email : ksevasamaj@gmail.com + Webssite : www.kvoss.org


ક.વી.ઓ. સેવા સમાજનું દરેક ઘરે પહોંચતું અને વંચાતું નિષ્પક્ષ માસિક મુખપત્ર એટલે પગદંડી. રીતિ-રિવાજ, સમાજ સુધારા, રૂઢિઓ, છૂટાછેડા, આરોગ્ય, અભ્યાસ, દેશ-વિદેશ, સમાજની સંસ્થાઓ, ચૂંટણીઓ, ધાર્મિક, રાજકારણ, દરેક સમસ્યા અને એના નિરાકરણને વાચા આપતી જાગૃતિની પ્રજ્વલિત મિશાલ એટલે પગદંડી. સમાજના વિચારવંત લેખકો અને વિવિધ સ્તરોના લોકોને જોડી રાખનાર કડી એટલે પગદંડી.

છેલ્લા સાત દાયકાથી વધારે સમયથી ક.વી.ઓ. સેવા સમાજ દ્વારા પ્રકાશિત પગદંડી, સમાજની આન, બાન અને શાન છે. ક.વી.ઓ. જ્ઞાતિના શ્રેષ્ઠ તેમ જ વિચારશીલ લેખોથી સંપાદિત પગદંડી આઠ હજારથી વધારે કુટુંબો નિયમિતપણે વાચે છે. તે ઉપરાંત એની ડિજિટલ કૉપી પણ સોશિયલ મીડિયાના માધ્યમથી અગિણત વાચકોમાં લોકપ્રિય છે.

આપ આપના ધંધા, રોજગાર, દુકાન કે વિવિધ ઉત્પાદનની વસ્તુઓની જાહેરખબર પગદંડીમાં આપી, આપના દુકાન, પ્રોડક્ટની બ્રાન્ડને વધુ મજબૂત કરી શકશો. આપની જાહેરખબરથી આપના ધંધા, આપના પ્રોડક્ટ ઉપરાંત ક.વી.ઓ. સેવા સમાજની વિવિધ સમાજોપયોગી પ્રવૃત્તિઓને પીઠબળ મળશે.

| જાહેરખબરનો પ્રકાર | વાર્ષિક દર |
|---|---|
| બ્લેક એન્ડ વ્હાઇટ અડધું પાનું | રૂા. ૨૫,૦૦૦/- |
| બ્લેક એન્ડ વ્હાઇટ આખું પાનું | રૂા. ૫૦,૦૦૦/- |
| મલ્ટિકલર 100 GSM Art Paper (કવરપેજ - અંદરનું બીજું/છેલ્લેથી બીજું) | રૂા. ૯૦,૦૦૦/- |
| મલ્ટિકલર 100 GSM Art Paper (કવરપેજ - છેલ્લું પાનું) | રૂા. ૧,૦૦,૦૦૦/- |

**સંપર્ક - ૦૨૨ ૨૩૭૧ ૪૬૭૪; ૦૨૨ ૨૩૭૭ ૩૦૩૨; ૯૬૧૯૨ ૩૩૦૦૦**

**લિ. તંત્રીઓ**

# પગદંડી

માર્ચ ૨૦૨૬

## અનુક્રમણિકા


| લેખ | લેખક | પાના નં |
|---|---|---|
| તંત્રીસ્થાનેથી... | | |
| લગ્ન - પસંદગીના પ્રશ્નો... | અશ્વિન લક્ષ્મીબેન પોપટલાલ માલદે... | ૫ |
| પ્રમુખશ્રીની કલમે ... | ચંદ્રકાંત મણિબેન નાનજી લાલન... | ૯ |
| માતૃભાષા - તારી અસ્મિતા... | | |
| ડૉ. મંજુલા કંકુબેન વેલજી શાહને સ્મરણાંજલિ | ક.વી.ઓ. સેવા સમાજ પરિવાર ... | ૧૧ |
| પગ મેં ભમરી... | લીલાધર હાંસબાઈ માણેક ગડા ‘અધા’... | ૧૫ |
| શબરીની ચા | | |
| તારે રહેવું ભાડાના મકાનમાં... | સંજય ચંદનબેન વિસનજી છેડા... | ૧૭ |
| સુન સાહીબા સુન... | રાજન ભાનુબેન કાંતિલાલ ધરોડ... | ૨૦ |
| આપણા સમાજની પ્રતિભા ઝંખના મંજુ ડૉ. ચંદ્રેશ પાસડ | સંકલનઃ સૂર્યકાંત અમૃતબેન દામજી કક્કા... | ૨૨ |
| વયથી વૃદ્ધ થવું અને ટેક્નૉલૉજીમાં સમૃદ્ધ થવું... | પરેશ કેસરબેન ગાંગજી શાહ (નિઃશબ્દ)... | ૨૫ |
| હું, મને અને મારું... | ડૉ. શિરીષ ભાનુમતિબેન ચુનીલાલ માલદે... | ૨૮ |
| ભ્રામક ભવિષ્યવાણીઓ... | વસંત જેઠીબાઈ લીલાધર ગાલા ... | ૩૧ |
| **પગદંડીને પત્ર** | | |
| માટુંગા બોર્ડિંગના સંસ્મરણો... | જયંત ગોમીભાઈ ગણશી જાગાણી... | ૩૩ |
| ઉર્મિલહર... | સંપાદન : વિશન પાનબાઈ દેવરાજ નાગડા... | ૩૬ |
| ૨૦૨૫માં વિદેશ ભણવા ગયેલા વિદ્યાર્થીઓની યાદી | ... | ૩૯ |
| ગાલા સ્પ્રિંગ્સ કપ વૉલીબૉલ ટૂર્નામેન્ટ.- અહેવાલ | ... | ૪૧ |
| વિકાસ કપ બાસ્કેટ બોલ ટૂર્નામેન્ટ - અહેવાલ | ... | ૪૩ |
| સેવા સમાજ - અપડેટ... | ... | ૪૪ |
| સાંત્વન... | ... | ૪૭ |
| મુખપૃષ્ઠ ચિત્ર ... | ગૂગલ જેમિની... | |


ટાઈપસેટીંગ : ધીરેન તારાબેન મુરજી ગાલા (કોટડા(રોહા) - ફોર્ટ) મોબાઈલ : ૯૮ ૩૩ ૫૪ ૧૦ ૪૦

**પગદંડી કાર્યાલય ફોન :૨૩૭૧ ૪૬૭૪ ટેલી ફેક્સ - ૨૩૭૭ ૩૦૩૨**

Printed and Published by **Aswin Popatlal Malde** on behalf of **K.V.O. Seva Samaj.** Printed at **Meghart Colour Crafters**, 42, Ideal Indl. Estate Mathuradas Mill Compound, Senapati Bapat Marg, Lower Parel, Mumbai-400013. and published from Shri Kutchhi Visa Oswal Seva Samaj, C.V.O.D. Jain Mahajanwadi, 3rd Floor, 99/101, Keshavji Naik Road, Chinch Bunder, Mumbai -400009. Editor : **Aswin Popatlal Malde**


ATUL GALA
MO. 93 2222 1205
ROHIT GALA
MO. 98200 99251
Gala Caterers®
FINEST IN FOOD INDUSTRY
SINCE 1977
RAJESH GALA
MO. 98200 32010/50
CHIRAG GALA
MO. 97 0202 9280
Catering Services
Celebrate The Joy Of Togetherness With Flawless Food Catering...!
Birthday Party
Wedding Catering
Buffet Catering
Corporate Catering
Business Event
Special Occasions
5, Natraj Building, Laxmi Narayan Lane, Matunga (C.R), Mumbai - 400019.
www.galacaterers.in
info@galacaterers.in

# તંત્રીસ્થાનેથી



## લગ્ન – પસંદગીના પ્રશ્નો

સ્વૈરવિહાર કરતો માનવ જ્યારે સમાજ અને કુટુંબના બંધનમાં જોડાયો અને લગ્નપ્રથાની શરૂઆત થઈ એ કાળથી લગ્નવિષયક પાત્ર પસંદગીનો પ્રશ્ન જટિલ બની રહ્યો છે.

શરૂઆતમાં ઘોડિયાં લગ્નો કે વડીલોનાં વચનોના હિસાબે લગ્નો થતાં હતાં. રાજા-મહારાજાઓમાં સ્વયંવર રચાતા હતા.

મહદ્અંશે ગોરમહારાજ હતા, જેની પાસે એવી યાદી રહેતી હતી.

હાલની સમાજવ્યવસ્થા પ્રમાણે પોતાની ઉંમરલાયક કન્યા માટે યોગ્ય પાત્ર શોધવાની જવાબદારી એના વડીલો, ખાસ કરીને પિતા પર હોય છે.

અને યુવાનોના વડીલોએ કોઈ કન્યાનો પ્રસ્તાવ એમના ઉંમરલાયક યુવાન માટે આવે એની રાહ જોવાની હોય છે.

હા, દરેક બાબતમાં અપવાદો જરૂર હોય છે.

જ્યારે પાત્ર શોધવાની જવાબદારી વડીલો પર હોય તો એમના માટે નિર્ણય લેવો મુશ્કેલ બની જાય છે. દરેકને પોતાની પુત્રી લાડકી હોય, રાજકુમારી લાગે અને એટલે એ પુત્રી માટે સર્વગુણ સંપન્ન, બત્રીસ લક્ષણો અને કુંડલીમાં માનતા હોય તો છત્રીસ ગુણાંક મળે એવો મુરતિયો શોધવાના પ્રયત્નો કરે છે અને ક્યારેક એમાં મોડું થઈ જાય છે.

પરંતુ આવા સારા કે અન્ય મુરતિયા શોધવાના ક્યાં ?

પહેલાં કુટુંબના વડીલો કે ક્યારેક કેટલાક આગેવાનો આ બાબત માટે ચિંતિત રહેતા હતા અને પાત્ર અથવા કુટુંબ ચીંધતા હતા. પોતે પૂરા Involve રહેતા હતા અને આવા વગદાર વ્યક્તિની શાખે સગપણ થઈ જતાં હતાં.

પરંતુ હવે કોઈ પણ સમાજમાં સંબંધ કરાવવા બહુ - જૂજ વ્યક્તિઓ આગળ આવે છે. વડીલને ઓળખતા હોય પણ એનાં દીકરા-દીકરી વિશે કશું ન જાણતા હોવાનું એક કારણ, લગ્ન પછી ઊભા

થતા પ્રશ્નોમાં વચ્ચે રહેનારને જવાબદાર ઠરાવવાનો ડર અન્ય કારણ. એવાં તો બીજાં ઘણાં કારણો હોઈ શકે.

આપણો સમાજ જાગરૂક સમાજ છે. પોતાના જ્ઞાતિજનને સ્પર્શતા દરેક પ્રશ્નો બાબત ચિંતિત હોય છે અને એમાં મદદરૂપ થવાની કોશિશ કરતો રહે છે.

આ વિષયમાં પણ પાછળ નથી.

સગપણ, સંમેલનો, વેવિશાળ કેન્દ્રો, યુવક-યુવતીનાં સ્નેહમિલનો, ઉમેદવારોની યાદી, બહારગામવાળા માટે ખાસ સંમેલન, પાત્ર શોધવા માટે વિશિષ્ટ Website વગેરે હજુ પણ ઘણી વ્યક્તિઓ વ્યક્તિગત રીતે આ બાબતમાં કાર્યરત રહી છે.

પરંતુ આ બધા પ્રયત્નોની સફળતા મુલવવી રહી.

આવા પ્રયાસમાં જોડાવાની ઘણાં કુટુંબની અનિચ્છા, આપણા પાત્રના સગપણમાં મુશ્કેલી આવશે એવું આનાથી જાહેર થશે એવો ડર.

યુવક-યુવતીનાં સંખ્યાબળમાં ફરક, યુવક-યુવતીનાં ભણતરમાં ફરક - ઊંચી અપેક્ષાઓ, આવા સંમેલનમાં મળતી પ્રાથમિક માહિતી પરથી નિર્ણય લેવાનું મુશ્કેલ વગેરે વગેરે ઘણી બધી બાબતો આમાં ચાવીરૂપ ભૂમિકા ભજવે છે.

આજે દરેક યુવતીના વડીલને પોતાના પાત્ર માટે શોધતા પાત્રમાં - સારો દેખાવ, સારું ભણતર, સારું ખાનદાન અને આર્થિક રીતે સમૃધ્ધ હોય એવું ઈચ્છે છે.

બધાનો સમન્વય મુશ્કેલ છે. ક્યાંક બાંધછોડ કરવી જરૂરી છે અને ક્યારેક મોડું થઈ જાય છે. બહારગામવાળાને પણ મુંબઈ જોઈએ છે. દૂરનાં પરાંમાં રહેનારાને પણ તળ મુંબઈ જોઈએ છે. નાના ઘરમાં રહેનારને પણ વિશાળ ઘરવાળા જોઈએ છે. નોકરી કરી ઘર ચલાવનારને પણ પોતાના ધંધાવાળો જોઈએ છે. માંડ માંડ એસ.એસ.સી. ભણનારને પણ ગ્રૅજ્યુએટ જોઈએ છે. કોઈકને નોકરી અથવા અન્ય પ્રવૃત્તિ કરનાર યુવતી નથી જોઈતી, પણ ઘરરખ્ખુ યુવતી જોઈએ છે.

વળી દેરાવાસી, સ્થાનકવાસી, આઠ કોટી નાની પક્ષ, મોટી પક્ષ, છ કોટી, કંઠી-અબડાસા વગેરે બાબતો પણ ખરી જ.

પરંતુ, તેમ છતાં આવા પ્રયાસે કાંઈક રાહત તો જરૂર આપી છે.

પરંતુ આ પ્રયત્નોથી અથવા અન્ય પ્રયત્નોથી થયેલા ઘણા સંબંધો Adjustmentના સંબંધો હોય છે. ક્યાંક ને ક્યાંક મનને મનાવીને થયેલા છે.

અને આ Adjustment કોઈક સ્વીકારી લે છે, જીવનભર નિભાવી લે છે.

અને ક્યારેક આ Adjustment વિખવાદનો પાયો બને છે.

આપણા યુવાનો હવે વિવિધ ક્ષેત્રોમાં ખૂબ જ આગળ વધી રહ્યા છે. મોટી મોટી મલ્ટીનૅશનલ કંપનીમાં ઉચ્ચ હોદ્દા પર છે. એમની અપેક્ષાઓ અને આકાંક્ષાઓ પોતાના જીવનસાથી બાબત કંઈક અલગ છે, નિરાળી છે.

કદાચ હાલની પસંદગીની પ્રથામાં એને અધૂરપ લાગે છે.

આ યુવાનોને પસંદગીનું ક્ષેત્ર હજુ વિશાળ મળે, સમકક્ષ વ્યક્તિઓનું મળે એ જરૂરી છે.

આપણી બધી પસંદગીની પ્રથાઓ જ્ઞાતિના, ક.વી.ઓ. જ્ઞાતિના ક્ષેત્રને આવરે છે.

મૂળભૂત રીતે વર્ણ પ્રથા ચાર વર્ણો પર આધારિત છે. ક્ષત્રિય, બ્રાહ્મણ, વૈશ્ય અને શુદ્ર. ત્યારે જ્ઞાતિઓ ન હતી.

પછી ધર્મ આવ્યો. ધર્મ આધારિત બધું અલગ. બધા પોતપોતાના ધર્મનાં પાત્રોની ખેવના રાખે અને એ માટે જ પ્રયત્નશીલ રહે.

પછી જ્ઞાતિ અને પેટાજ્ઞાતિઓ આવી. વિવિધ જ્ઞાતિના સભ્યો પોતે એક વંશના છે. દેવી અથવા કોઈ પૌરાણિક પૂર્વજમાંથી ઊતરી આવ્યા છે એવી માન્યતા ધરાવે છે.

અને પછીની જ્ઞાતિઓ - પેટાજ્ઞાતિઓ, એમાં પણ વળી ઘણાબધા ફાંટા અને આ બધું પસંદગી માટેના ક્ષેત્રને મર્યાદિત બનાવી દે છે.

લગ્નજીવનની સફળતા માટે સમકક્ષ, સમાન વિચારસરણી, એકબીજાના પૂરક બની રહે એવા પાત્રની જરૂરત હોય છે.

અને એટલે જ હાલ આપણા સમાજમાં પણ આંતરજ્ઞાતીય અને ક્યારેક તો આંતરરાષ્ટ્રીય લગ્નોનું પ્રમાણ વધતું જોવા મળે છે અને જે તે કુટુંબોએ આવા સંબંધોને સ્વીકારી લીધા છે.

કેટલાક સમાજો પસંદગીના ફલકને વિસ્તૃત બનાવવા પ્રયત્નશીલ છે.

લેઉઆ પાટીદારનો એક પેટાસમાજ જે પોતાના ક્ષેત્રનાં ૧૨૦ જેટલાં ગામોને આવરી લેતો હતો અને એ ગામોની અંદર જ રોટી-બોટીનો વ્યવહાર હતો તે સમાજે હવે નિર્ણય લઈને બીજાં ૧૦૦ જેટલાં ગામોને પણ પોતાના એ વહેવારમાં સામેલ કરી દીધાં છે. એટલે હવે વ્યાપ ૨૨૦ ગામોનો થઈ ગયો છે.

આપણા સમાજના વડો મહાજન અને અન્ય સમાજોના સંગાથથી બધા જૈન ફિરકાઓનું લગ્ન વિષયક જૂથ બનાવ્યું છે, એ પણ સરાહનીય છે.

પરંતુ પસંદગીની તકોમાં મર્યાદિતતા અથવા સંજોગોને આધીન લગ્નસંબંધી નક્કી કરવામાં ઘણી બાંધછોડ કરવામાં આવે છે કે કરવી પડે છે અને આ બાંધછોડ વૈવાહિક જીવનમાં મતભેદોનો પાયો બને છે. આ મતભેદોનાં બીજાં પણ ઘણાં કારણો હોઈ શકે.

પરંતુ એક હકીકત છે કે લગ્નજીવનમાં વિખવાદ અને છૂટાછેડાનું પ્રમાણ અકલ્પનીય રીતે વધી રહ્યું છે અને આ આપણી જ્ઞાતિમાં જ નહીં, બધી જ જ્ઞાતિઓમાં છે.

જ્ઞાતિ આધારિત મર્યાદામાં રહેવું એ બધાની અંગત માન્યતા છે. આપણા સમાજના એક મુરબ્બીએ આંતર જ્ઞાતીય લગ્નોને પ્રોત્સાહન આપવા પારિતોષિક જાહેર કરેલ એવું ખ્યાલમાં છે.

હવે યુવાનો થોડા પ્રાશ્ચાત્ય પ્રણાલીથી પ્રભાવિત છે.

ઈન્ટરનેટે દુનિયાને ખૂબ જ નાની બનાવી દીધી છે.

પ્રેમ અથવા પરિણય એ કવિઓની કલ્પના છે. હવે તેને relationship નામ અપાયું છે અને હવે એનાથી આગળ વધીને Situtationshipનું નામ પણ સંભળાય છે. કોઈ પણ જાતનાં બંધન કે અપેક્ષા વિના એકમેકના સંપર્કમાં રહેવાનું, જાણવાનો, સમજવાનો પ્રયત્ન કરવાનો, જો ગમે તો આગળ વધવાનું નહીં તો કોઈ પણ જાતના કલેશ વિના છૂટા.

હાલમાં ઘણીબધી લગ્ન વિષયક વેબ-સાઈટ ઉપલબ્ધ છે.

હવે એ વધુ હેતુસભર બની છે. Elite લોકો માટે અલાયદી સગવડ અપાય છે. વિસ્તૃત માહિતી અપાય છે અને નામો ગુપ્ત રખાય છે.

આપણા સમાજની Communtree પણ આ બાબતમાં ઘણી ઉપયોગી બની રહી છે.

કેટલીક Dating app પર પણ પાત્રોને શોધી શકાય છે.

એક વાત નક્કી છે કે પહેલાંની જેમ હવે એકાદ-બે મિટિંગ કરી સંબંધો નક્કી કરવાનું પ્રમાણ ઘટી રહ્યું છે. યુવાનો ચાહે છે કે બીજાને જાણવા, સમજવા અને નિર્ણય લેવામાં વધુમાં વધુ સમય મળે.

ચાલો આજનો યુવાનને પાત્ર પસંદગીનું વિશાળ ફલક આપીએ.

પાત્ર પસંદગીની તકો વિશાળ બની જાય અને પછીના પ્રશ્નો નિવારવાની કોશીશ કરીએ.

**- અશ્વિન લક્ષ્મીબેન પોપટલાલ માલદે (ભુજપુર)**

**મો : ૯૮૨૦૨ ૧૬૦૩૧**

# પ્રમુખશ્રીની કલમે



ડૉ. ચંદ્રકાંત મણિબેન નાનજી લાલન

## વિચારકણિકા

### માતૃભાષા - તારી અસ્મિતા

વિશ્વ માતૃભાષા દિવસ ૨૧ ફેબ્રુઆરીના રોજ મનાવવામાં આવે છે, ત્યારે આપણી માતૃભાષા કચ્છી વિષે કાંઈક લખવાનું મન થાય છે. વિશ્વ માતૃભાષા દિવસ અને ૨૧ ફેબ્રુઆરી વિશે થોડુંક જાણી લઈએ. ૧૯૫૨ની સાલમાં ૨૧ ફેબ્રુઆરીના રોજ પૂર્વ પાકિસ્તાન (બાંગ્લાદેશ)માં બંગાળી ભાષાને રાષ્ટ્રભાષાનો દરજ્જો આપવા જન આંદોલન ચાલ્યું હતું ને તે જ દિવસે આંદોલનકારીઓ સામે પોલીસ ફાયરિંગમાં કેટલાક વિદ્યાર્થીઓ શહીદ થયા હતા. તેમની શહાદતને સન્માનિત કરવા ૧૯૯૯માં યુનેસ્કો દ્વારા ૨૧ ફેબ્રુઆરીને વિશ્વ માતૃભાષા દિવસ જાહેર કરવામાં આવ્યો હતો. તે દિવસને વિશ્વભરમાં માતૃભાષાના મહત્ત્વ અને તેના સંરક્ષણ માટે મનાવવામાં આવે છે.

ભાષા દ્વારા આપણે આપણા વિચારોને અભિવ્યક્ત કરીએ છીએ. દુનિયાભરના પ્રત્યેક એરિયા/દેશ-વિસ્તારને પોતાની અભિવ્યક્તિનું આગવું સાધન ભાષા હોય છે. એ રીતે આપણા મુલક કચ્છનું અભિવ્યક્તિનું માધ્યમ એટલે આપણી મીઠી - મધુરી ભાષા કચ્છી.

કચ્છી અને સિંધી ભાષા દેખીતી રીતે ખૂબ જ મળતી આવે છે અને ક્યાંક તો જોડિયા બહેનોના ઉપમાનથી સન્માનિત કરાય છે. અંદાજે ૧૦ હજાર વર્ષ પહેલાં આર્યોએ ભારતમાં (અખંડ ભારત) પોતાનું આગમન કર્યું અને વિશાળ ભારતમાં એક નવું આર્યાવત ઊભું કર્યું. આર્યો પોતાની સાથે અભિવ્યક્તિની ભાષા તરીકે સંસ્કૃત પ્રાકૃત ભાષા સાથે લાવ્યા હતા, પણ આર્યોના આગમન પૂર્વે ભારતના અલગઅલગ વિસ્તારોમાં પોતપોતાની અલગ ભાષાઓ હતી અને કચ્છમાં પણ પોતાની ભાષા પ્રવર્તમાન હતી. આંતરરાષ્ટ્રીય ભાષા નિષ્ણાતોનાં સર્વ સ્વીકાર્ય ધોરણો અનુસાર કચ્છી ભાષા ૯૦ હજારથી વધુ વર્ષ જૂની ગણી શકાય અને આપણા માટે આશ્ચર્ય અને ઉતેજના જગાડે એવી વાત છે અને એની આ વાતને સમર્થન આપતી વાત એ છે કે કચ્છી ભાષામાં એકાક્ષરી શબ્દોની વિપુલ પ્રમાણમાં ઉપલબ્ધિ. સર્વ સ્વીકૃત માપદંડો મુજબ ભાષાની શરૂઆતમાં માનવી એકાંકી શબ્દોનો ઉપયોગ કરતો હતો. આપણી કચ્છી ભાષામાં ભા-ભાઈ, નોં-પુત્રવધૂ-નવ, સોં-સોગંદ, મોં-મોઢું વગેરે અનેક એકાંકી શબ્દોનું ભંડોળ કચ્છી ભાષા પાસે છે. ભાષા-વિજ્ઞાનના નિયમોના બંધન વિનાના સહજ ઉચ્ચારો પણ કચ્છી ભાષામાં વિપુલ પ્રકારમાં જોવા મળે છે. આમ

આપણી કચ્છી ભાષા ખૂબ જ રોમાંચક ઈતિહાસ ધરાવતી ભારતની જૂની ભાષાઓમાંની એક ભાષા છે અને એનો ગર્વ પણ આપણને હોવો જોઈએ.

કચ્છી ભાષા બળુકી અને ચોટદાર હોવા છતાં ઘણા કચ્છી પરિવારો આપસમાં કચ્છી ભાષા બોલવામાં વાપરતા નથી અને ખાસ કરીને આજની નવી પેઢી વાતચીતમાં કચ્છી ભાષાનો ઉપયોગ કરવામાં નાનપ કે સંકોચ અનુભવે છે. આ ખરેખર ચિંતાસ્પદ છે અને ભણતરમાં અંગ્રેજી ભાષાનું વધતું જતું પ્રમાણ પણ આમાં કારણભૂત હોઈ શકે. શિક્ષિત વર્ગના મનમાં ક્યાંક ખોટા ખ્યાલ હોય છે કે કચ્છી ભાષા તો ગામડિયા માણસોની ભાષા છે. આ વાતો વિષે વિચારતા ક્યારેક મનમાં શંકા ઉત્પન્ન થાય છે કે ભવિષ્યમાં આપણી દૂધભાષા ઘસાઈને જીર્ણશીલ તો નહીં થઈ જાય ને! આપણી દૂધભાષા પોતાની અસ્મિતા અને અસલિયત સાથે સચવાઈ રહે એ ખૂબ જ જરૂરી છે. કચ્છી ભાષાને આપણા ઘરેથી જ ઉત્તેજન આપવું અનિવાર્ય છે.

કચ્છના વિવિધ વિસ્તારો અને વિવિધ કોમોમાં પણ ઉચ્ચારોની બાબતમાં વિવિધતા જોવા મળે છે અને આપણી જૂની કહેવત કે બાર ગાઉએ બોલી બદલાયને સાર્થક કરે છે. કચ્છી ભાષાની ભૂતકાળમાં પોતાની આગવી લિપિ હતી એવું માનવું સ્વાભાવિક છે, પણ આજના વર્તમાનમાં પોતાની લિપિ ન હોવાથી કચ્છી સાહિત્ય પ્રકાશન લગભગ ગુજરાતી અથવા નાગરી લિપિમાં થાય છે. આમ વાત જોવા જઈએ તો દુનિયાની ઘણી ભાષાઓ પોતાની આગવી લિપિ વગરની છે. દા.ત. અંગ્રેજી ભાષા રોમન લિપિમાં લખાય છે. મરાઠી પણ સંસ્કૃત પુત્રી તરીકે નાગરી લિપિમાં જ લખાયેલ છે. ફ્રેંચ-જર્મન-રશિયન ઈત્યાદિ ભાષાઓ પણ રોમન લિપિમાં લખાય છે.

૯૦ હજાર વર્ષથી વધુ વર્ષ જૂની આપણી દૂધભાષા - કચ્છી સતત પરિવર્તન પામતી ભાષા છે. તેની મૌલિકતા અને પ્રાચીનતા વિસ્મય પમાડે તેવી છે. કચ્છી ભાષામાં શિક્ષણ અપાય એવી કોઈ પણ શાળા કે સ્કૂલ આપણી પાસે નથી. એટલે રોજબરોજમાં ઉપયોગ આપણા ઘર કે સામાજિક કાર્યક્રમમાં થાય એ ખૂબ જ આવશ્યક છે, પણ આજે પણ આપણે હાયર ઍજ્યુકેશન માટે અંગ્રેજી ભાષાનો ઉપયોગ અનિવાર્ય બની ગયેલ છે, પણ આ પ્રાથમિક શિક્ષણ પોતાની માતૃભાષામાં હોય તો આવનાર પેઢીમાં આપણી માતૃભાષા જળવાઈ રહેશે અને હવે AIના આગમનથી આપણી માતૃભાષા નવસંસ્કરણ પામે તો નવાઈ નહીં. આવનાર વર્ષોમાં આમેય AI આધારિત શિક્ષણનું મહત્ત્વ વધતું જવાનું છે. ત્યારે આપણે સૌ આપણી માતૃભાષા કચ્છીનો વ્યાપ વિસ્તારી અને કચ્છી ભાષામાં નિત-નવા આયામો ઉમેરાય અને આપણી દૂધીકી ભાષા વધુ બળુકી અને સર્વે પ્રિય થાય એ માટેના સહિયારા પ્રયાસમાં આપણે સૌ જોડાઈએ. ચાલો આપણે આપણી માતૃભાષાના ગૌરવને વધુ પ્રદાન કરીએ અને નવી પેઢીમાં માતૃભાષાના સંસ્કારોનું સિંચન કરી તેના સંવર્ધન માટે સાંકલ્પબધ્ધ થઈએ.

મો.: ૯૩૨૨૯૫૫૮૮૦

# ડૉ. મંજુલા કંકુબેન વેલજી શાહને સ્મરણાંજલિ



આ પૃથ્વી પર સ્વને પ્રિય કહેવાની અને અન્ય સહુના પ્રિય હોવાની અનુભૂતિ ઉપરાંત આ વિશાળ અને અપરિચિત જગતમાં કોઈને આપણી જરૂરત છે એને માટે આપણે સૌએ સદૈવ કાર્ય કરવાનું છે એ જેમના જીવનની ફિલસોફી હતી એવા ડૉ. મંજુલા કંકુબેન વેલજી શાહ જેમણે પોતાના જીવનના સાડા ચાર દાયકા અન્યો માટે જીવીને એક મિશાલ કાયમ કરી છે. સેવા જીવનનો એક પર્યાય એટલે ડૉ. મંજુલા...

હાથમાં લાકડી, ખભે ખુલ્લી ચેન સાથેનો ઝોલો, મોઢામાં બત્રીસી અને હૃદયમાં હામ સાથેની આકૃતિ એટલે કચ્છી નાઈટ એન્જલ. અસ્થમાની બીમારી, જૈફ ઉંમર જેના પર હાવી ન થઈ એવી બધાની માવડી ડૉ. મંજુલા શાહ કચ્છમાં જન્મી, મુંબઈમાં ભણતર પૂર્ણ કરી ડૉક્ટર બન્યાં. દર્દીઓની સેવા કરવાની સાથે શરૂ થયેલી સફર, અનેક સંસ્થાઓના અગ્રિમ હોદ્દા પર પહોંચીને સમાજ સેવાની ધૂણી ધખાવનાર વ્યક્તિ એટલે ડૉ. મંજુલા શાહ.

કચ્છી મહિલા મંડળની શરૂઆત કરનાર, નારી મજબૂત હશે તો ઘર મજબૂત હશે અને ઘરને મજબૂત કરવા નારીસશક્તિકરણ જરૂરી છે એ ઉક્તિને મગજમાં ઠસાવી ૧૯૮૬માં સેવા સમાજમાં આવ્યાં અને સ્ત્રીઉત્કર્ષ યોજનાનો પાયો નખાયો. કારાબોરી સભ્ય, કન્વીનર, ખજાનચી, ઉપપ્રમુખ, પ્રમુખ અને IPP સુધીની હર મંજિલ દ્રઢતાથી સમાજના હિતમાં

ખેડનાર નારીશક્તિની મિશાલ સમાન મંજુલાબેન... હૃદયમાં દિવસ-રાત સમાજ સેવાની ખેવના હતી. સુખી, તંદુરસ્ત, શિક્ષિત સમાજ હશે તો કચ્છી સમાજ પણ હામ, દામ, ઠામથી તંદુરસ્ત રહેશે એ મતે લેડી ગ્રૅજ્યુએટ ઍસોશિયેશનના પાયાના પથ્થરથી પ્રમુખ સુધીની એમની સફર જોરદાર હતી. શેરડી ગામમાં પોતાના વડીલોપાર્જિત મિલકત આવાસ યોજનામાં આપી એમણે એમની દાનવીર પ્રતિભાનો પરચો આપ્યો હતો.

આપ્તજનોના પરિવાર સાથેની તેની આત્મીયતા વિસ્મયકારક હતી. દરેક સહકાર્યકરોના પરિવાર સાથે એમનો સંબંધ અતૂટ રહેતો હતો. સૌના સારા-નરસા પ્રસંગે તેમની હાજરી અચૂક રહેતી. સંસ્થામાં કાર્ય કરતી વખતે સાદાઈ, સખત ડિસિપ્લિન, લાભાર્થીઓને સવલત અને દરેક કાર્યમાં સમયની પ્રાધાન્યતા અને સૌને સાથે રાખીને કાર્ય કરી સામેવાળાને જીતી લેવાની કુનેહ હતી. જીદ એમનો સ્વભાવગત અમૂલ્ય વારસો હતો, પણ એ જીદ બીજાની ભલાઈ માટે હતી. ક્યારેય પણ એમણે પોતાના માટે જીદ નથી કરી, જીદ સંસ્થાની ભલાઈ માટે જ રહેતી.

બાવન પત્તાની બાજી ગોઠવવામાં તેઓ અવ્વલ હતાં. સંસ્થાની ચૂંટણીઓ એમના માટે પર્વ સમાન હતી. ચૂંટણીઓ મનગમતી વ્યક્તિઓને ચૂંટાવી લાવવાની એમની કુનેહ ઘણીબધી વાર સંસ્થાને મજબૂતાઈ આપતી સાબિત થતી હતી. ઓળખાણ એમની મોટી ખાણ હતી. શારીરિક વિષમતા છતાંય મજબૂત મનોબળ, નીડરતા, કામ કરવામાં સો ટકા નિપુણતા એમને ગૌરવાન્વિત કરતાં હતાં. સત્યનિષ્ઠા અને અન્યાય સામેની એમની લડત ખરેખર અજોડ બની રહેતી. નવીનવી ટેક્નૉલૉજીનો ઉપયોગ કરી દુનિયા સાથે કદમ મિલાવતાં હતાં, રમતગમતનાં દરેક ક્ષેત્રો એમના મનગમતાં હતાં. ક્રિકેટ, વૉલીબૉલ, બાસ્કેટબૉલની ફાઈનલ મૅચોમાં એમની હાજરી ખેલાડીઓ અને આયોજકો માટે ઉત્સાહપ્રેરક રહેતી. સેવા સમાજ અને અન્ય સંસ્થાઓના દરેકેદરેક કાર્યક્રમોમાં એમની હાજરી ઉષ્માજનક રહેતી. સર્વ સંસ્થાઓના તેઓ માનીતાં અતિથિ હતાં, કારણ તેમની દીર્ઘદૃષ્ટિ અને સૂક્ષ્મ નજર પ્રેરણાસમી બની રહેતી હતી.

સેવા સમાજે એમના જ્ઞાનનો, એમનાં સમપર્ણોનો, એમના અનુભવોનો ચાર દાયકા સુધી લાભ લીધો. કોરોના કાળ, સંજીવની સ્વાસ્થ્ય યોજના માટે થતી ઈન્શ્યોરન્સ કંપનીની અદલબદલ જેવા દરેકેદરેક કાર્ય વખતે એમની દીર્ઘદૃષ્ટિનો લાભ સંસ્થાને મળેલ. મેડિક્લેઈમ માટે ઈન્શ્યોરન્સ કંપની સાથે વાટાઘાટો કરતી વખતે તેમની હાજરી અને એમનું જ્ઞાન આશ્ચર્યજનક રહેતું. દરેકેદરેક વ્યક્તિઓ પાસેથી જ્ઞાન મેળવવાની એમની તાલાવેલી એ

ઉત્કૃષ્ટ ઉદાહરણ બની રહેતું. સ્ટાફના સભ્યોના તેઓ પ્રિયજન હતાં. જ્યારે દરેકેદરેક કારોબારી સભ્યો માટે મીઠી માવલડી એટલે કે 'મા' હતાં અને જૂનાં સહકાર્યકરો માટે તેઓ 'ડાર્લિંગ' હતાં. મંજુલાબેન તેમના દરેક સ્વજનો અને પ્રિયજનો માટે આત્મીય સ્વજન હતાં.

મંજુલાબેનમાં બીજાને પોતાના બનાવી લેવાની કીમતી આવડત હતી. ઘનિષ્ઠાભર્યા સંબંધ તેમના અંતિમ સમયે દેખાઈ આવ્યા હતા. માંદગી દરમ્યાન હૉસ્પિટલમાં મૃત્યુ સમયે, અંતિમયાત્રામાં અને સેવા સમાજ આયોજિત સ્મરણાંજલિ સભામાં પ્રિયજનો અને સ્વજનોની હાજરી એની પ્રતીતિ કરાવતાં હતાં. 'એમનું કોઈ નહિ' પણ એ સૌના વહાલાં હતાં. સૌ માટે તેઓ આદરમાન સ્વજન હતાં. પોતાના મૃત્યુ બાદ સેવા સમાજ સાથે શાશ્વત જોડાવા પોતાની માલિકીનું ઘર સંસ્થાને અર્પણ કરી એક મજબૂત ઉદાહરણ સમાજને પૂરું પાડ્યું. પોતાના જીવનને ગૌરવશાળી બનાવવા સાથે મૃત્યુને પણ મહોત્સવ બનાવ્યો. એમના હૉસ્પિટલના બિછાનેથી અંતિમ મૅસેજમાં એમણે લખ્યું હતું, કે તમારી સૌ સાથેનાં સંસ્મરણોને ગાયની જેમ વાગોળી રહી છું, જિંદગી સંતોષકારક રીતે જીવવાનો આનંદ માણી રહી છું. પોતાની મરણ નોંધ (સાદડી) પણ જાતે લખી જનાર આ આયર્ન લેડી એ વજ્ર જેવું જીવન જીવી પોતાના મૃત્યુને પણ મહેકાવી દીધું. ડૉ. મંજુલાની વિદાય એક ગૌરવશાળી યુગનો અંત છે, પણ એમનાં જીવનકાર્યો એક મિશાલસમા, પ્રેરણાસમાન, દિશાસૂચક બની રહેશે એ ગર્વપ્રદ છે. એમનાં સત્કાર્યોની પગદંડીને રાજમાર્ગ બનાવવાની આપણી સૌની ફરજ છે. ડૉ. મંજુલા કંકુબેન વેલજી શાહ જેવો વિરલ આત્મા ફરી જન્મ લે તો ફરી એકવાર સેવા સમાજ અને અન્ય સંસ્થાઓને એક સંનિષ્ટ કાર્યકર, એક અદનો કાર્યકર અને સેવાની જ્યોત જગાડનારો કાર્યકર મળી શકે.

વહાલી મંજુને અલવિદા...
સત્ સત્ વંદના ડૉ. મંજુલા શાહને...
પ્રભુકૃપા વરસી અપાર અને પ્રગટ્યો પુણ્ય પ્રભાવ,
માનવભવ પામીને અમૂલ્ય, મૈત્રીભાવ ડૉ. મંજુલાએ જગાડ્યો,
વિશ્વમાત્રના જીવો પર એમની કરુણા દૃષ્ટિ ફરતી,
વાત્સલ્યનો ધોધ વહાવી, કચ્છી સમાજના ઉદ્ધારની ભાવના

લિ.

**શ્રી ક.વી.ઓ. સેવા સમાજ પરિવાર વતી**

મનીષ સાકરબેન દામજી ગાલા - ભૂતપૂર્વ પ્રમુખ

AMBIKA

# અંબીકા બેગ હાઉસ

: ઉત્પાદક અને વિક્રેતા :

**સર્વ પ્રકારની લેડીઝ બેગ્સ, સ્કૂલ બેગ્સ,**
**મની પર્સીસ અને કોમ્પલીમેન્ટરી આઈટમસ**

૩૨૧, અબ્દુલ રહેમાન સ્ટ્રીટ, કોફર્ડ માર્કેટ પાસે, મુંબઈ–૪૦૦૦૦૩.
ફોન : ઓફિસ : ૨૩૪૩ ૫૪૨૬, ૨૩૪૩ ૮૪૬૪ • ફેક્સ : ૫૬૩૫ ૯૦૪૪

# લકી બેગ હાઉસ

૯૫, મારલેન રોડ, BST ક્વાટર્સ સામે, મુંબઈ - ૪૦૦ ૦૦૮.
ટેલિફોન : ૨૩૦૨ ૧૯૪૨, ૨૩૦૨ ૧૯૪૪
www.luckybaghouse.com



લીલાધર હાંસબાઈ માણેક ગડા-અધા

# ‘‘શબરીની ચા’’

ભોજાય સર્વોદય ટ્રસ્ટના રજત જયંતી વર્ષ (૨૦૨૩)ની ઉજવણી નિમિત્તે પશ્ચિમ કચ્છનાં ૪૦૦ અંતરિયાળ ગામોમાં આંખની તપાસ માટે મેડિકલ ટીમ મોકલી, સ્થાનિકે દરદીઓની તપાસણી કરી, જરૂરી દવાઓ આપી અને મોતિયા ઝામર વેલનાં નિઃશુલ્ક ઑપરેશન કરી આપવાનો કાર્યક્રમ ‘નેત્ર-રક્ષા અભિયાન’ હાથ ધર્યો હતો. આ કાર્યક્રમ અંતર્ગત અબડાસા તાલુકાના અતિ દુર્ગમ વિસ્તારમાં મેડિકલ ટીમ ગઈ હતી તેની સાથે હું સવારે ૧૦-૦૦ વાગે લૈયારી ગામે જોડાયો. સાયરન વગાડતી અમારી ટીમ પહોંચી એટલે દરદીઓ લાઈનમાં ગોઠવાઈ ગયા અને હું ગામના આગેવાનો સાથે ઓટલા પર બેઠો. દરદીની તપાસણી શરૂ થઈ ત્યારે મોટી ડાંગ સાથે જુવાન રબારી આવ્યો અને પૂછ્યું :

‘અધા કુણ હૈ’ (અધા કોણ છે ?)

‘મી’ (હું) મેં જવાબ આપ્યો.

‘મારી મા તમુને બરકે’ (મારી મા તમને મળવા બોલાવે છે) યુવાને જણાવ્યું.

‘દરદી તપાસ પતી જાય ત્યારે મીં આવું’ (દરદીઓની તપાસણી પતી જાય પછી હું આવીશ)

‘ભલે તારે મીં લેવા આવું’ (ભલે ત્યારે, હું તમને લેવા આવીશ) કહી અને રબારી યુવાન ચાલ્યો ગયો.

મારી સાથે નવનીત ફાઉન્ડેશનનાં CSR વિભાગનાં મયુરીબેન જોડાયાં હતાં અને તેમણે મને પુછ્યું, ‘આપણને ક્યાં જવું છે?’

‘મારી ગર્લફ્રેન્ડના ઘરે જવાનું છે’ મેં મજાકિયા અંદાજમાં જવાબ આપ્યો.

ઓ.પી.ડી. પૂરી થઈ, સ્ટાફના સભ્યો ચા-પાણી લેવા બેઠા ત્યારે હું અને મયુરીબેન યુવાન રબારી સાથે એમના ઘરે ગયાં.

ઘરના આંગણામાં દાખલ થયા ત્યારે ખાટલામાં બેઠેલાં માજીએ સૌને સંબોધી કહ્યું, ‘મીં જાણું, અધા આવે એટલે આવે’ (હું જાણું છું, અધા આવશે એટલે આવશે.)

હું ખાટલા પાસે ગયો અને માજીને રામ રામ કહ્યા.

‘અધા, તમુ મુજને ભાળી?’ (અધા, તમે મને ઓળખી?)

‘હોવે, તું વેજી, ખરું’ (તું વેજી છે, બરોબર)

‘ભલી વરતી મુંને’ (મને બરોબર ઓળખી)

‘કાં ન વરતું તુને? તું ચાર ફેરા ભોજાય ઑપરેશન માટે દરદીઓને લઈ આવી છે.’

‘ભરોભર, તમુને બધું સાંભરે છે’, માજીએ કહ્યું. ‘જી’ મેં ટૂંકો જવાબ આપ્યો.

પછી માજીએ વરંડામાં બેઠેલાઓને ઉદ્દેશી જણાવ્યું કે તે પહેલી વખત તેની નણંદના ગર્ભાશયના ઑપરેશન માટે ગઈ હતી. બીજી વખત

તેનાં વેવાણના ઑપરેશન માટે આવી હતી. ત્રીજી વખત કોઈ સગાના ઑપરેશન માટે અને ચોથી વખત પોતાના ઑપરેશન માટે ભોજાય આવી હતી. પોતાની વાત આગળ વધારતાં માજીએ જણાવ્યું.

'મું ભોજાય જાઉં ત્યારે મુંને લાગે કે માવતારે જાઉં છું, પણ અધા છેલ્લે ફેરો ડોહાની આખ્યુંનો મોતિઓ ઉતારવા ગઈ તારે તમુને દીઠા નહીં'.

'મીં તારે મોંભાઈ ગીયો તો' (હું ત્યારે મુંબઈ ગયો તો)

માજીએ ખાટલાની ગોદડી પસારી મને અને મયુરીબેનને પોતાની પાસે બેસાડ્યા. અલકમલકની વાતો તળપદી ગુજરાતી મિશ્રીત કચ્છીમાં કરતાં ગયાં. હું એમને જવાબ આપતો ગયો.

'અધા, આજે ટીમલપાણી મારે ઘરે કરો' માજીએ આગ્રહ કર્યો. મેં એમને જણાવ્યું કે અમારી મેડિકલ ટીમના બીજા લોકો અમારી વાટ જોતા હશે. હજી અમારે બે ગામમાં તપાસણી કરવી છે અને ત્યાર પછી અમે રોટલા જમશું.

'તો ચા-પાણી કરો' અને પોતાની વહુને ઉદ્દેશી કહ્યું...

'મેઘી, અધાભા હારૂ લાટ ચા મૂક અને ખાંડ...' મેં અધવચ્ચે વાત કાપી જણાવ્યું કે ખાંડ બહુ થોડી નાખશો.

'મેઘી, તું ચુલે ઉબારો મેલ, મીં હમણાં આવું. આજે અધાને મારા હાથે ચા પાવી છે.'

માજી રસોડે ગયાં. હું અને મયુરીબેન વાતે વળગ્યાં, જેનો સાર હતો કોઈ પણ પ્રકારનું (In cash or kind) અનુદાન અપાય ત્યારે અનુદાતા અને લાભાર્થી વચ્ચે સંબંધો સાવ નીજી હોવા જોઈએ. એનાથી વિશેષ એક અન્ય પરિમાણ છે જ્યાં સેવાઓ લેનાર અને સેવાઓ પ્રદાન કરનાર વચ્ચેના સંબંધો સમય અને અંતર બન્નેની કસોટીએ ખરા નીવડે. આ સંબંધો જ્યારે બેઉ મળે ત્યારે સૂરજમુખીની જેમ ખીલી ઊઠે. વિદ્યાર્થી અને શિક્ષક, નર્સ અને દરદી, અનાથ અને આશ્રય દાતા... અને એવા કેટલાય સંબંધો છે.

હું વેજીને ભોજાય પછી પહેલી વખત એને ખોરડે મળ્યો. એને વિશ્વાસ હતો કે એ મને બાલાવશે અને ત્યારે હું ચોક્કસ એને આંગણે જઈશ. પહેલાં બરદાસી તરીકે અને પછી દરદી તરીકે એ ભોજાય હૉસ્પિટલે આવી હતી અને છેલ્લાં પચ્ચીસ વર્ષમાં આવી હજારો મહિલાઓ ભોજાયમાં ઑપરેશન માટે આવી ગઈ છે. મારે મન દરેક મહિલા દરદી મારા માટે વેજી, ફાતમા કે રતન છે. હું હંમેશાં કહું છું કે મહિલા દરદીના આરોગ્ય પ્રશ્નોની આસપાસ અને આરપાર અન્ય પ્રશ્નો એને વધારે કનડે છે. દરદીઓને રજા અપાય તેના આગલા દિવસનો અમારો મેળાવો અવર્ણનીય છે. બે કલાકની રેયાણ દરમ્યાન મહિલાઓ પેટછૂટી વાતો કરે, જેનું નિરાકરણ નથી આવવાનું એવી સમસ્યાઓ મારી પાસે રજૂ કરે ત્યારે તેનો ઉદ્દેશ માત્ર હળવા થવાનો હોય છે. એને ત્યારે લાગે છે કે એની પીડાની કોઈકને પરખ છે. આપમેળે આશ્વાસન લઈ પીડા હળવી કરવાનો ઈલમ મહિલાઓ પાસે છે. વેજી, રતન, ફાતમા અને એવાં ઢગલાબંધ ઉદાહરણો છે.

'અધા, ચા લાવી છું' વેજીના શબ્દોએ મને વિચાર તંદ્રામાંથી જગાડ્યો. 'તમુએ ખાંડ ઓછીની ભલામણ કરી એટલે મુંને થયું કે અધા માટે ખાંડને બદલી ગોળની ચા બનાવું. ઘૂંટડો મેં લીધો, ચા ચાખી ભરોભર લગી એટલે લઈ આવી.'

અને મને વેજીમાં શબરીનાં દર્શન થયા.

મો. : ૯૮૭૯૫૦૬૦૫૯

# તારે રહેવું ભાડાના મકાનમાં



✻ સંજય ચંદનબેન વિસનજી છેડા ✻

જ્યારે ભજન, જોક્સ, ડાયરા, વગેરેની ઑડિયો કૅસેટનો જમાનો હતો ત્યારે મારી પાસે એક ઑડિયો કેસેટ હતી જેનું નામ જ હતું. ''તારે રહેવું ભાડાના મકાનમાં''. બસ બચપણના એ દિવસોથી આ લોકગીત મને બહુ ગમતું રહ્યું છે. એકદમ વીંધી નાખે એવો કટાક્ષ પણ સાથે સરળ શબ્દોમાં જીવનની સમજ.

*જીવ શાને ફરે છે ગુમાનમાં,*
*તારે રહેવું ભાડાના મકાનમાં.*

વાત છે શરીરરૂપી મકાન, જે છે તો ભાડાનું અને વળી મકાનમાલિક ગમે ત્યારે વગર નોટિસે ખાલી કરાવી દે એની કોઈ બાહેંધરી નહીં અને સૌથી મોટી વિટંબણા એટલે એકવાર આ ભાડાનું મકાન ખાલી કરો એટલે બીજું મકાન (બીજો ભવ) ક્યાં અને ક્યારે મળે એની કોઈ ગૅરંટી નહીં અને એટલે જ ભાડાના મકાનમાં રહેતા અને છતાં પણ મદમાં ફરતા આપણા સૌ માટે એકદમ મીઠાના પાણી પાયેલી ચાબુકના ચાબખા.

*સ્વાર્થ કાજે તું કાયમ ફરતો,*
*પરમારથના કામ નથી કરતો,*
*હે તને રસ નથી ધણીના ધ્યાનમાં,*
*તારે રેવું ભાડાના મકાનમાં.*

સ્વ અર્થ માટે સતત ફાંફાં મારતા રહેતા માણસને બસ બે જ વાત સમજાય, કાં ''મારું શું'' અને કાં ''મારે શું?''. આ માણસને ના તો ''પરમ+અર્થ'', જે જીવનનો સર્વોચ્ચ હેતુ એમાં રસ છે, ના એને પરમ પિતા, આપણા સૌના ધણીના ધ્યાનમાં રસ છે. આ માણસને એ જ ખબર નથી કે ક્યારે આ ખોળિયું ખાલી કરવાની નોટિસ આવી જશે. છતાં પણ આ કાળા માથાનો માનવી એના મકાનમાલિકને ધર્મ અને કર્મનું ભાડું આપવા પણ સમય નથી કાઢતો, ત્યારે આ લોકગીત, આ માણસના ખોટા અને ઠાલા ગુમાન પર દયા ખાય છે.

*ખોળિયું એક દી ખાલી કરવું પડશે,*
*સગાં ને વ્હાલાં તારા પોક મૂકી રડશે*
*તને જમડા કઈ જાશે રે કાનમાં,*
*તારે રેવું ભાડાના મકાનમાં,*
*જીવ શાને કરે છે ગુમાનમાં.*

ઈંટ, સિમેન્ટના ભાડાના મકાનમાં તો રેન્ટ અગ્રીમેંટ હોય, મકાનમાલિક નોટિસ આપે, ભાડૂત વળી બીજું ભાડાનું મકાન શોધવાની મથામણ પણ કરી શકે, પણ આ તો ખોળિયાની વાત. ક્યારે તેલ ખૂટી જાશે એની ખબર નથી એવા કોડિયાની વાત. જીવને આ ભાડાના મકાનને ખાલી કરવાની નોટિસ આવશે અને જીવ આ ભાડાના મકાનને ખાલી કરીને રવાના થાય, સગાં, વહાલાં, સૌ પોક મૂકીને રડતાં હોય ત્યારે યમરાજ આવીને કાનમાં ફૂંક મારી જાય કે ''હાલો, મકાનમાલિકે ભાડાના હિસાબ માટે

બોલાવ્યા છે, ત્યારે ભાડૂતના કેવા હાલ થાય એની કલ્પના પણ ધ્રૂજારી લાવી દે.

*કાચી માટીની આ કાયા તારી,*
*આખર ધૂળમાં ધૂળ થવાની,*
*તોયે રસ તને રંગ ને રોગાનમાં,*
*તારે રેવું ભાડાના મકાનમાં.*

યમરાજ કાનમાં ફૂંક મારે અને માટીનું આ શરીર, આ ભાડાનું મકાન આપણે જ્યારે ખાલી કરીએ કે તરત ઘરવાળા એક છેલ્લું સ્નાન કરાવી તરત સૌ સગાં-સંબંધીઓને ફોન અને મૅસેજ થવા લાગે કે આ માટીની કાયાને ''આટલા વાગે'' કાઢી જવાના છે. વળી સંદેશમાં જ ઉમેરવામાં આવે કે ''પ્રાર્થના સભા રાખવામાં આવશે કે નહીં'' અને એ રીતે આપણી એ છેલ્લી યાત્રામાં પણ લોકોને ઑપ્શન મળે કે અત્યારે આવી શકશો કે પ્રાર્થના સભામાં એક સ્તવન પૂરતા હાજરી આપશો અને તોય આપણે સૌ આ ભાડાના ક્ષણભંગુર મકાનનાં રંગ અને રોગાનમાં આખું જીવન હોમી દઈએ અને ભૂલી જઈએ કે આ મકાનમાં આપણે રહેવું કેટલું ?

*બંગલા ને મોટરુ હોય ભલે તારે,*
*માલ ખજાના તારા આવે નહિ હારે,*
*તારે આખર જાવું રે સમશાનમાં,*
*તારે રેવું ભાડાના મકાનમાં.*

બંગલા, મોટર, નોકર, ચાકર, આખું આયખું ખર્ચીને, ''ગમે તેવા'' કામ કરવાને બદલે ''ગમે તેવા'' કામ કરીને ભેગી કરેલી સંપત્તિ, બધું અહીં ને અહીં છોડીને છેલ્લે નનામી પર ખિસ્સા વિનાના એ છેલ્લા પોશાકમાં જ્યારે માણસને સુવડાવવામાં આવે અને પછી તો એ નનામીના વાંસના ટુકડા પણ સાથે ના આવે.

પહેલા લાકડાની ચિતાના સમયે તો લોકો હજી ખોપરીના ફૂટવાનો અવાજ આવે ત્યાં સુધી રાહ જોતાં, પણ હવે તો ગૅસ / ઈલેક્ટ્રિકની સ્મશાન ભૂમિમાં તો ટ્રૉલીને ધક્કો મારી મૃતદેહને અગ્નિને સોંપાય અને ભઠ્ઠીનો દરવાજો બંધ થાય અને તરત ત્યાં હાજર રહેલ વ્યક્તિને થોડીક ક્ષણો માટે જન્મેલો સ્મશાન વૈરાગ્ય અદૃશ્ય થઈ જાય અને સદ્‌ગતની વાતોનું સ્થાન ટ્રમ્પ, ટેરિફ અને બજારમાં શું લેવા જેવું છે એની વાતો શરૂ થઈ જાય, એવા આ અસાર સંસારની વાતો સમજાવતી આ ભજનની કડીઓ...

*એ ગોવિંદ કહે તું ચેતી જા જીવડાં,*
*જાવાના દિવસો હવે આવી ગયા ઢૂકડા*
*હો તને સંતો સમજાવે છે શાનમાં,*
*તારે રેવું ભાડાના મકાનમાં.*

ચાર દિવસ કચ્છમાં જવું હોય તો એના ચાર દિવસ પહેલાં બૅગો તૈયાર થવા માંડે, રસ્તા માટે ચા, નાસ્તો, થેપલાં, જમવા માટે સુરતથી ડિનરનું બુકિંગ, ગાંધીધામ પહોંચો એટલે તુફાનનું બુકિંગ, બધું નહીં નહીં તો અઠવાડિયા પહેલાં બુક થઈ ગયું હોય અને પરમ પિતા જ્યારે આ ભાડાના મકાનને ખાલી કરાવે એના પછી ક્યાં જવાનું છે, ક્યારે પહોંચશું, ત્યાંથી આગળ ક્યાં લઈ જવાશે, કોઈ વાતની આપણાને કાંઈ ખબર નથી, છતાં પણ મુસાફરીની કોઈ તૈયારી જ નહીં.

આ ભજન પર અસંખ્ય યુ-ટ્યૂબ ચૅનલની લિન્ક જમા કરી, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સથી બધાં જ ભજનની કડીઓ ભેગી કરી. પછી જે એકદમ ધારદાર લાગી જેવી પંક્તિઓ પર આ આસ્વાદ રજૂ કર્યો છે અને એટલે શક્ય છે કે

તમે જે લોકગીત સાંભળી રહ્યા હો એની અમુક પંક્તિઓ જુદી હોય, પણ છેવટે બધાનો કહેવાનો મર્મ એટલો જ કે,

‘‘જેને સ્મશાનની અગ્નિમાં બાળી નાખવાનું છે એ ભાડાના મકાનની ચિંતા. બસ હવે આ ભાડાના મકાનનાં રિપૅરિંગ, રંગ, રોગાન, બધુ છોડો અને જે સાથે આવવાનું છે એ આત્મા વિષે કોઈ વિચાર કરો. સાથે લઈ જવાની ધર્મની બૅગ અને કર્મનાં પોટલાં હજી માળિયેથી નીચે ઉતાર્યાં જ નથી. કારણ શું ? બધાને એક જ ભ્રમ છે, ધર્મ / કર્મને તો હજી વાર છે. હજી તો આખી જિંદગી પડી છે.’’

પણ સાથેસાથે આપણે સૌ એ પણ જાણીએ છીએ કે ‘‘ના જાણ્યું જાનકીનાથે, સવારે શું થવાનું છે’’.

અને છેલ્લો...

ઋષિકેશ મુખર્જીની મસ્ત મજાની ફિલ્મ આનંદ (૧૯૭૧)માં એક સુંદર દ્રશ્ય આવે છે. સુમન કુલકર્ણી, આનંદને એક મૌની સંત પાસે લઈ જાય છે જે ફક્ત પાટી પર લખીને જવાબ આપે છે. આનંદના એક પ્રશ્નના જવાબમાં એ સંત પાટી પર લખી આપે છે, ‘‘જો મીટ રહા હૈ, વો શરીર હૈ’’ અને ત્યારે આનંદ બહુ મર્મશીલ વાત કહે છે...

***‘‘બાબા, મૈં આપસે ઈતની છોટી ચીઝ કયો માગું જો મીટ રહી હૈ, શરીર. શરીર ક્યોં, મન કો આશીર્વાદ દિજિયે, જો સદા હસતા રહે, ઔર દૂસરો કો હસાતા રહે. બાબા, મુજે એક હી આશીર્વાદ દિજિયે, કે મૈં કભી ચૂપ ના રહું, બોલતા રહું, બેસુમાર બોલું, અચ્છા બોલું, ગલતી સે ભી કિસીકી બુરાઈ ના નીકલે મેરે મૂંહ સે.’’***

(આપ સૌની જેમ, ‘‘આનંદ’ મારી પણ લાઈફટાઈમ ફેવરિટ રહી છે. ***‘‘આનંદ મરા નહીં, આનંદ મરતે નહીં’’*** જેવી હૃદયને વીંધી નાખતી વાત શિખવાડી જનાર એ ‘‘આનંદ સાયગલ’’ની વાત લઈને આ ખિસકોલીના કોઈ પાને મળવાની મારી પણ અદમ્ય ઈચ્છા ખરી)

તો ***ચાલો હવે ભાડાના મકાનને બદલે એની અંદર રહેતા આત્મારામને મળીએ,*** જાણીએ, પિછાણીએ અને એની ભવોભવની એક ભાડાના મકાનથી બીજા ભાડાના મકાનની મુસાફરીને ઝડપથી પૂરી કરી એને પરમાત્માની નિકટ જવામાં, મુક્તિ પામવામાં મદદ કરીએ.

**(રતાડિયા ગણેશવાલા)**
**મો.: ૯૮૯૨૮૧૫૩૬૭**

**શ્રી ક.વી.ઓ. સેવા સમાજનું**
**બિનધંધાદારી મુખપત્ર**

સ્થાપના : ૧૯૪૭ વર્ષ : ૭૮

**પગદંડી**

અંક : ૧૨ માર્ચ ૨૦૨૬

**તંત્રી : અશ્વિન લક્ષ્મીબેન પોપટલાલ માલદે**
**સંકલન : CA સંજય ચંદનબેન વિસનજી છેડા**
મુદ્રક -પ્રકાશક : **શ્રી અશ્વિન પી. માલદે**
પ્રકાશન સ્થળઃ શ્રી ક.વી.ઓ. દે. નવી મહાજન વાડી, ૩જે માળે,
૯૯/૧૦૧, કેશવજી નાયક રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૯.
ફોન નં : ૨૩૭૧ ૪૬૭૪
pagdandi.kvoss.org. - email:pagdandi@kvoss.org
ટાઈપસેટીંગ : **ધીરેન તારાબેન મુરજી ગાલા** (કોટડા(રોહા) - ફોર્ટ)
મોબાઈલ : ૯૮૩૩૫૪૧૦૪૦
મુદ્રણ સ્થાન : **મેઘાર્ટ કલર ક્રાફટર્સ,**
૪૨, આઈડિયલ ઈન્ડ. એસ્ટેટ, સેનાપતિ બાપટ માર્ગ,
લોઅર પરેલ, મુંબઈ -૪૦૦૦૧૩. ફોન : ૨૪૯૨ ૧૯૬૪
**-: લવાજમ :-**
૧૦ વર્ષ : રૂા. ૧,૦૦૦/- છૂટક નકલ : રૂા. ૧૫/-
**ચેક/ડ્રાફ્ટ શ્રી ક.વી.ઓ. સેવા સમાજને નામે લખવા.**

# સુન સાહીબા સુન



✳ રાજન ભાનુબેન કાંતિલાલ ઘરોડ ✳

આજકાલ ફોન પર વાત કરીએ કે મિટિંગમાં બેસીએ - એક વાત વારંવાર નજરે પડે છે. સામેની વ્યક્તિ બોલતી હોય ત્યારે જ આપણે તેને અટકાવી પોતાનો મત રજૂ કરી દઈએ છીએ. સંસદનાં દ્રશ્યો પણ ઘણી વાર આવું જ દર્શાવે છે. ચર્ચા પૂરી સાંભળ્યા વિના જ વિરોધ, હંગામો અને શોરગૂલ. પરિણામે સંવાદ કોલાહલમાં વેડફાઈ જાય છે. દેશના નાગરિક તરીકે આપણે ટીવી સામે નિષ્ક્રિય દર્શક બનીએ છીએ.

આ જ દ્રશ્યો આપણે ઘર અને સંસ્થામાં પણ જોઈએ છીએ. મિટિંગમાં એક સભ્ય મુદ્દો રજૂ કરે અને બીજો વચ્ચે જ ટોકી દે. ઘરમાં પુત્ર અભ્યાસ વિશે વાત કરે ને પિતા વચ્ચે જ સલાહ આપવાનું શરૂ કરી દે અને ક્યારેક પિતા સમજાવી રહ્યા હોય ત્યારે પુત્ર મોબાઈલમાં વ્યસ્ત હોય. વૉટ્સઍપ પર પણ સંપૂર્ણ સંદેશ વાંચ્યા વિના ફોરવર્ડ કરી દેવાની ઉતાવળ - આ બધું ''ના સાંભળવાની'' સંસ્કૃતિનાં જ લક્ષણો છે.

આ પરિસ્થિતિ સૂચવે છે કે આપણે અગાઉ કરતાં વધુ જોડાયેલા છીએ, પરંતુ ઓછા સંવાદી બની ગયા છીએ. દરેક વ્યક્તિ પોતાની વાત કહેવા ઉત્સુક છે; પરંતુ સાંભળવાની તૈયારી ઘટી રહી છે. સંવાદના બે સ્તંભ છે - બોલવું અને સાંભળવું. આજે બીજા સ્તંભની ઉપેક્ષા વધી રહી છે.

### સાંભળવું એટલે શું?

ઘણા લોકો ''સાંભળવું'' અને ''સંભળાઈ જવું''ને એક સમજે છે. કાનમાં અવાજ પડ્યો એટલે સાંભળ્યું એવું નથી. સાચું સાંભળવું એટલે શબ્દોમાં છુપાયેલો ભાવ સમજવો, સામેની મનઃસ્થિતિ અનુભવવી અને તેને ''હું તને સમજું છું'' એવી અનુભૂતિ આપવી. આ ફક્ત કાનની નહીં, મનની હાજરી માંગે છે.

### ઈતિહાસનો પાઠ

પ્રાચીન ગુરુ-શિષ્ય પરંપરામાં શિષ્ય વર્ષો સુધી ગુરુનાં ચરણોમાં બેસીને જ્ઞાન ગ્રહણ કરતો. પુસ્તકો નહોતાં. પ્રશ્નો ઓછા અને ધ્યાન વધુ. જ્ઞાન શબ્દોથી નહીં, પરંતુ મૌન અને એકાગ્ર સાંભળવાની શક્તિથી પ્રાપ્ત થતું. સાંભળવું આપણા સંસ્કૃતિનો અભિન્ન ભાગ હતું. આજે તે પરંપરા ક્યાંક ખોવાઈ રહી છે.

### ટેક્નૉલૉજી : જોડાણ કે વિક્ષેપ?

ટેક્નૉલૉજી એ આપણને જોડ્યા છે, પરંતુ વિખેર્યા પણ છે. વીડિયો કૉલ સમયે આંખ સ્ક્રીન પર હોય છે અને મન ક્યાંક બીજે. વૉઈસ મૅસેજ પૂરો સાંભળ્યા વગર જવાબ આપી દઈએ છીએ. સોશિયલ મીડિયા પર દરેકને બોલવાની સ્વતંત્રતા છે, પણ ધ્યાનથી સાંભળવાની ઈચ્છા ઓછી છે. પરિણામે સંવાદ ઘણી વાર દર્શન નહીં પ્રદર્શન બની ગયો છે.

ડિજિટલ યુગમાં નોટિફિકેશન્સ અને ''બ્રેકિંગ ન્યૂઝ'' ની વચ્ચે આપણે તરત પ્રતિક્રિયા આપવાની આદત પાળી છે. માહિતી ઉપર ઉપરથી વાંચીને

તેની સત્યતા ચકાસ્યા વિના આગળ ધપાવવાની પ્રવૃત્તિ વધી રહી છે. એકપક્ષીય સંવાદમાં આક્રમકતા, કટાક્ષ અને ત્વરિત જજમેન્ટ સામાન્ય બન્યાં છે.

**સંસ્થા અને સમાજ પર અસર**

મિટિંગો લાંબી ચાલે છે, પરંતુ ઉકેલ ઓછા મળે છે. દરેક વ્યક્તિ પોતે જ સાચી છે તે સાબિત કરવા ઉત્સુક હોય છે. સાંભળવાની સંસ્કૃતિ વિના સંસ્થાની ગુણવત્તા અને સંસ્કૃતિ બંનેને નુકસાન થાય છે.

**માનસિક સ્વાસ્થ્ય અને સાંભળવાની દવા**

આજના સમયમાં તણાવ, ડિપ્રેશન અને એકલતા વધી રહી છે. ઘણી વ્યક્તિઓને ફક્ત એટલું જ જોઈએ છે - કોઈ તેમની વાત ઉપદેશ વિના સાંભળે. એક સારો શ્રોતા ઘણી વાર દવા જેટલો અસરકારક બને છે. દુઃખ વહેંચાય ત્યારે હળવું બને છે, પરંતુ તે માટે ખરા દિલથી સાંભળનાર શ્રોતા જરૂરી છે.

**સાંભળવાની કળાઃ એક સાધના**

સાંભળવું એક પ્રકારની સાધના છે. તે ધીરજ માંગે છે. અહંકાર છોડવા શીખવે છે અને સ્વીકાર કરાવે છે કે સામેની વ્યક્તિના વિચારો પણ મહત્ત્વના છે.

**સાંભળવાની કળાનાં મુખ્ય પાસાં**

૧. બોલનારના શબ્દો અને ભાવ પર સંપૂર્ણ ધ્યાન આપો.

૨. વચ્ચે ટોકવાનું ટાળો.

૩. આંખોમાં નજર રાખીને વાત સાંભળો.

૪. મોબાઈલ અને અન્ય વિક્ષેપોથી દૂર રહો.

૫. તરત જ સલાહ કે નિર્ણય આપવાની ઉતાવળ ન કરો.

૬. ''તું ખોટો છે'' નહીં, ''હું તને સમજવા માંગું છું'' - આ ભાવ રાખો.

ગ્રીક ફિલોસોફર એપિક્ટેટસ કહે છે. ''ઈશ્વરે આપણને એક જીભ અને બે કાન આપ્યાં છે, જેથી આપણે બોલીએ એના કરતાં બમણું સાંભળીએ.''

એક પ્રસંગ યાદ આવે છે. અમેરિકાના મૂળ વતની એક વ્યક્તિ ન્યૂયૉર્કની ભીડભાડવાળી સડક પર મિત્ર સાથે ચાલતા હતા. ટ્રાફિક અને શોર વચ્ચે તેણે કહ્યું - ''મને ઝીણો તમરાનો અવાજ સંભળાય છે.'' મિત્રને વિશ્વાસ ન આવ્યો, પરંતુ થોડે આગળ લાકડાં ભરેલી ટ્રકમાંથી ખરેખર તમરાને અવાજ આવતો હતો. મિત્ર આશ્ચર્યચકિત થયો. તેણે કહ્યું, ''તારા કાન તો અદ્‌ભુત છે!'' તે વ્યક્તિએ હસીને જવાબ આપ્યો, ''મારા કાન તમારા જેવા જ છે. ફરક એટલો કે મેં તેમને કેળવ્યા છે.'' પ્રશ્ન એટલો જ છે - શું આપણે કોલાહલ વચ્ચે પણ સાંભળવા તૈયાર છીએ?

આજના યુગની મોટી વિસંગતિ એ છે કે સંચારનાં સાધનો વધ્યાં છે, પરંતુ સાચો સંવાદ ઘટ્યો છે. કદાચ હવે સમય આવી ગયો છે કે આપણે ફરીથી સાંભળવાની કળાને માન આપીએ, કારણકે **જે સમાજ સાંભળવાનું ભૂલી જાય છે, તે સમજવાનું પણ ભૂલી જાય છે.**

ચાલો, થોડું ઓછું બોલીએ અને થોડું વધારે સાંભળીએ. કદાચ આ નાનું પરિવર્તન આપણા જીવનમાં અને સમાજમાં મોટું સકારાત્મક પરિવર્તન લાવી શકે.

ગામ : લુણી
મો.: ૯૮૨૦૫ ૩૫૨૭૧



# આપણા સમાજની પ્રતિભા
# ઝંખના મંજુ ડૉ. ચંદ્રેશ પાસડ

**સંકલનઃ સૂર્યકાંત અમૃતબેન દામજી કક્કા**


શૈક્ષણિક, સામાજિક, વ્યાવસાયિક, સાંસ્કૃતિક, મેડિકલ, રમતગમત, કલા, ગૃહઉદ્યોગ, સેવાકીય કે રાજકીય જેવાં મોટા ભાગનાં ક્ષેત્રોમાં આપણા સમાજની દીકરીઓ તથા મહિલાઓ પોતાની કાબેલિયત પુરવાર કરી રહી છે. વર્તમાને વધતા જતા આર્થિક પડકારોમાં સહાયભૂત થવા પોતાની કૌટુંબિક જવાબદારીઓ વહન કરવા સાથે આર્થિક સહયોગ માટે ખભેખભા મિલાવીને પોતાના પરિવારને સહયોગ આપી રહી છે.


આ બધાં ક્ષેત્રોથી કંઈક હટીને આપણા સમાજની એક દીકરી ભારતીય સરહદે શૌર્ય શૃંગારથી પોતાનું હીર દાખવી રહી છે. જે ફિલ્ડમાં જવા માટે પુરુષો પણ ભાગ્યે જ સાહસ કરતા હોય એવા ફિલ્ડમાં એક મહિલાએ સાહસનું ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી પોતાની આગવી ઓળખ ઊભી કરી છે. આર્મીમાં પસંદગી પામવા માટે સેંકડો કે હજારો અરજીઓ આવતી હોય એમાં પસંદગી પામવું એ જ પોતાનામાં એક મહિલા તરીકે અનેરી સિધ્ધિ કહેવાય.

અહીં પ્રસ્તુત છે કુટુંબ, ગામ, સમાજ તેમ જ દેશનું નામ રોશન કરી રહી છે એવી દીકરીનો પરિચય.

**નામ : મેજર ઝંખના મંજુ ડૉ. ચંદ્રેશ હેમરાજ પાસડ, ગામ દેઢિયા - ડોંબિવલી.**







ઝંખનાએ પોતાની કારકિર્દીની શરૂઆત સ્વિમિંગથી કરેલ. ધરમતર, અલીબાગ થી ગૅટવે ઑફ ઈન્ડિયા સુધી સ્વિમિંગની તૈયારી માટે સવારના ૬ થી ૧ વાગ્યા સુધી અને સાંજે ૫ થી રાતના ૧૦ વાગ્યા સુધી સ્વિમિંગની સખત પ્રૅક્ટિસ કરતી હતી. એના માટે એણે પોતાની સ્કૂલમાંથી બે મહિનાની રજા લીધી હતી. એનાં માતા-પિતા સતત એની સાથે જ રહેતાં. નવમા ધોરણમાં આવી ત્યારે ડિફેન્સમાં પોતાની કારકિર્દી બનાવવાની ઈચ્છા વ્યક્ત કરેલ, જેમાં એનાં માતા-પિતાનો સુંદર સહયોગ મળ્યો. એની સ્કૂલના પ્રિન્સિપાલ એના પ્રેરણાસ્ત્રોત હતા. તેઓ આર્મી બેકગ્રાઉન્ડમાંથી આવતા હતા. એન્જિનિયરિંગ પછી પહેલા જ પ્રયાસમાં આર્મીમાં પસંદગી પામેલ જે ખરેખર દાદ માંગી લે એવી સિદ્ધિ હતી.

ઝંખના ભણવામાં પણ હોશિયાર હતી. તેણે એસએસસીમાં ૯૦ ટકા અને એચએસસીમાં ૮૮ ટકા મેળવેલ. સરદાર પટેલ એન્જિનિયરિંગ કૉલેજમાંથી મેકેનિકલ એન્જિનિયરિંગમાં બીજા નંબરે ઉત્તીર્ણ થયેલ.

**ઝંખનાએ મેળવેલ સિદ્ધિઓ :**

વર્ષ ૨૦૦૪માં જ્યારે ઝંખના આઠમા ધોરણમાં અભ્યાસ કરતી હતી ત્યારે માત્ર ૧૨ વર્ષની વયે ધરમતર, અલીબાગથી ગૅટવે ઑફ ઈન્ડિયાનું અંદાજે ૪૦ કિલોમીટરનું અંતર સ્વિમિંગ કરીને પાર કર્યું હતું. સ્વિમિંગમાં તેણે જિલ્લા તથા રાજ્ય કક્ષાએ અનેક મૅડલ ઉપરાંત ૩૦ જેટલી ટ્રૉફીઓ પણ મેળવેલ છે.

વર્ષ ૨૦૧૩ માં ઈન્ડિયન આર્મીમાં સિલેક્શન થયું ત્યારે ભારતમાંથી પસંદગી પામનાર ૧૯



એન્જિનિયર્સમાંથી એકમાત્ર મેકેનિકલ એન્જિનિયર હતી.

ઑફિસર્સ ટ્રેનિંગ એકૅડેમી ચેન્નઈમાંથી ૧૧ મહિનાની અતિશય કઠોર તાલીમમાંથી પસાર થઈ ૨૫૦ ઉમેદવારોમાંથી ચોથો ક્રમાંક મેળવેલ.

વર્ષ ૨૦૧૪માં લેફ્ટનન્ટની માનદ પદવી મેળવેલ. તેની પ્રથમ પોસ્ટિંગ જમ્મુ કાશ્મીરમાં બારામુલ્લા ખાતે થઈ ત્યારે આતંકવાદ સામે ઝઝૂમનાર સંપૂર્ણ યુનિટમાં એકમાત્ર મહિલા ઑફિસર હતી, જે એક બેનમૂન સિદ્ધિ કહેવાય.

વર્ષ ૨૦૧૫માં ૨૬ જાન્યુઆરીએ અમેરિકાના પ્રેસિડેન્ટ બારાક ઓબામા અને ભારતના વડા પ્રધાન માનનીય નરેન્દ્રભાઈ મોદીની સમક્ષ યોજાયેલ પરેડમાં પ્રથમ વખત જ મહિલા





ઑફિસરોનો સમાવેશ કરવામાં આવ્યો હતો અને તેમાં ભાગ લેવાની તેને સુવર્ણ તક મળી.

વર્ષ ૨૦૧૫માં આર્મીની (EME) ઈલેનક્ટ્રિકલ અને મેકેનિકલ બ્રાન્ચની છ મહિનાની ટ્રેનિંગમાં તેણે બેસ્ટ સ્ટુડન્ટ અને હાઈએસ્ટ ગ્રેડ (ડેલ્ટા ગ્રેડ) સાથે બેદી મેમોરિયલ ટ્રૉફી સાથે મેડલ મેળવેલ. તે સમયે આ સન્માન મેળવનાર પ્રથમ મહિલા ઑફિસર બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત કરેલ. એક વર્ષની સર્વિસ બાદ તે કૅપ્ટનની પદવી મેળવવા ભાગ્યશાળી બની.

વર્ષ ૨૦૧૭માં ભારતની શાંતિ સેના એટલે કે પીસ કીપિંગ ફોર્સેસ સાથે ઈઝરાયેલ અને સિરિયામાં આંતરરાષ્ટ્રીય સ્તર પર એક વર્ષ માટે ઈન્ડિયન ઑફિસર તરીકે રિપ્રેઝન્ટ કરનાર ઈન્ડિયન આર્મી સાથે જોડાવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું.

વર્ષ ૨૦૨૧માં જમ્મુ કાશ્મીરના માનસબલ ખાતે માઈનસ ૧૦ થી ૧૫ ડિગ્રીમાં એન્જિનિયરિંગ ઑફિસર તરીકેની ફરજ બજાવેલ. જેમાં ધ્રુવ અને એના જેવા જ અન્ય હેલિકૉપ્ટર્સના આખા દિવસના ઉડાનના નિયમન સાથે તેના મેન્ટેનન્સ તથા રિપૅરિંગ માટેની જવાબદારી ખૂબ જ નિષ્ઠાપૂર્વક નિભાવેલ.

વર્ષ ૨૦૨૪માં હલ્દવાની, ઉત્તરાખંડમાં એનું પોસ્ટિંગ થયેલ.

હાલમાં આર્મી હેડ ક્વાર્ટર્સ, દિલ્હી ખાતે આસિસ્ટન્ટ મિલિટરી સેક્રેટરી તરીકેની ફરજ બજાવી રહેલ છે. ઝંખનાએ ખૂબ જ સન્માન સાથે આર્મીમાં ૧૦ વર્ષ પૂર્ણ કરેલ છે અને કાયમી ધોરણે કમિશનમાં પસંદગી પામેલ છે.

ઝંખના છેલ્લાં દસ વર્ષથી જે રીતે આર્મીમાં શિસ્ત, સમર્પણભાવ તથા પરિશ્રમ સાથે ઉત્તમ પરફૉર્મન્સ કરી રહી છે એ માટે એનો પરિવાર ખૂબ જ ગૌરવ અનુભવી રહ્યો છે. એનાં મમ્મીના શબ્દોમાં કહીએ તો તે ‘‘નાનપણથી ખૂબ જ વિનમ્ર, પરિપક્વ અને દૃઢ મનોબળ ધરાવતી હતી. તેઓ ઈચ્છતા કે અમારાં સંતાનો કોઈ પણ કારકિર્દી આપનાવે, પરંતુ એમનાથી કોઈનું અહિત ન થાય તેનું ધ્યાન રાખે. સ્પોર્ટ્સ કોઈના પણ જીવનમાં ખૂબ જ મહત્ત્વનો ભાગ ભજવે છે. તે હાર પચાવતા પણ શીખવે છે અને તમે કોઈ પણ મુશ્કેલ સમયમાં દ્રઢતાથી સામનો કરી શકો છો.’’ ઝંખનાનાં માતા-પિતા હંમેશાં પડછાયાની જેમ સાથે જ રહેતાં હતાં. પિતા ડૉ. ચંદ્રેશ પાસડ સામાજિક અને મેડિકલ સંસ્થાઓ સાથે સંકળાયેલા છે. બાઈક પર સવાર થઈને ઉત્તર થી દક્ષિણ (લેહ લદાખ થી કન્યાકુમારી) સુધી ૫૦૦૦ કિલોમીટરનું અંતર બાવીસ દિવસમાં અને પૂર્વથી પશ્ચિમ (અરુણાચલ પ્રદેશ થી કચ્છ) સુધી ૭૦૦૦ કિલોમીટરનું અંતર પણ માત્ર બાવીસ દિવસમાં પૂર્ણ કરી પોતાની સાહસિકતાનો પરિચય કરાવેલ. એનાં મમ્મી શ્રીમતી મંજુ પાસડ છેલ્લાં ૩૦ વર્ષથી શૈક્ષણિક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલાં છે.



# વયથી વૃદ્ધ થવું અને ટેક્નૉલૉજીમાં સમૃદ્ધ થવું...

✻ પરેશ કેસરબેન ગાંગજી શાહ (નિ:શબ્દ) ✻

હમણાં કોઈ જૂઠા કારણ બતાવી ડિજિટલ એરેસ્ટનો દાવો કરી સિનિયર સિટીઝનને ઠગવાના ઘણા કિસ્સા બને છે. મોટી ઉંમરના વડીલો કદાચ ઓછા ભણેલા હોય, અંગ્રેજી ભાષાની જાણકારી પૂરતી ન હોય એવું બને, પરંતુ ટેક્નૉલૉજી પ્રત્યે એમની ઉદાસીનતા કે નીરસતા ચિંતા ઉપજાવે.

બિહારના માઉન્ટેન મૅન તરીકે જાણીતા દશરથ માંઝીની પત્નીને પથ્થરની ઠોકર લાગે છે, બીમાર પડે છે અને અંતે મૃત્યુ પામે છે. સારી સારવાર માટે એમને બીજા ગામ જવા મોટો પહાડ વચ્ચે આવતો. વર્ષ ૧૯૬૦ થી વર્ષ ૧૯૮૨ વચ્ચે દશરથ માંઝીએ પોતે એકલપંડે પહાડ ચીરીને ૧૧૦ મિટર લાંબી, ૯ મિટર પહોળી અને ૮ મિટર ઊંચી ટનલ બનાવી, ૫૫ કિલોમીટરના અંતરને ૧૫ કિલોમીટર સુધી ઘટાડી દીધો. દશરથ માંઝીએ પુરવાર કર્યું કે ધાર્યું પરિણામ લાવવામાં વય કે ઓછું શિક્ષણ કાંઈ બાધા નથી લાવતું... જરૂર છે પોલાદી મનોબળની.

અમુલ દ્વારા દેશભરમાં શ્વેત ક્રાંતિ લાવનાર શ્રી વર્ગિઝ કુરિયનની કહાની પણ એટલી જ મહત્ત્વની છે. કુરિયનસાહેબ પોતાની વધતી વયને ભૂલી જીવનભર સહકારી ધોરણે દુધ ઉત્પાદક ખેડૂતને એકત્ર કરતા અને એમના પ્રયાસને કારણે આજે ભારત દૂધ ઉત્પાદન ક્ષેત્રમાં નંબર વન છે.

ઈ. શ્રીધરને આધુનિક ભારતમાં મેટ્રો રેલ્વે મૅન તરીકે ઓળખવામાં આવે છે. દિલ્હી મેટ્રો ઈ. શ્રીધરને આપેલી ભેટ છે. ઈ. શ્રીધરના જીવનમાં નિવૃત્ત જેવું કાંઈ જ નહોતું. મોટી ઉંમરે પણ તેઓ પોતાની ફરજ બજાવતા હતા. નવીનવી ટેક્નૉલૉજીના આવિષ્કારનો તેઓ અભ્યાસ કરતા અને અમલ પણ કરતા.

૭૮ વર્ષની ઉંમરે બેન્જામિન ફ્રેન્કલિન Bi-Focal ચશ્માંની શોધ કરે છે જેથી મોટી ઉંમરે વારે ઘડીએ લાંબી કે ટૂંકી નજરના ચશ્માં બદલવા ન પડે. ૫૭ વર્ષીય જહોન બી. ગુડેનો લિથિયમ બેટરીની શોધ કરી આખી દુનિયામાં ક્રાંતિ લાવે છે. એમને ૯૭ વર્ષે રસાયણશાસ્ત્રમાં નૉબલ ઈનામ મળે છે.

લિસ્ટ ઘણું લાંબું છે. મોટી ઉંમરે પણ જાત મહેનત કરવાથી ન થાકતા વડીલો પોતાના દૃષ્ટિકોણથી નવી ક્રાંતિ સર્જી શકે એ માટેનાં ૩ મુખ્ય કારણો છે.

૧) દાયકાઓથી સંચિત અનુભવ સફળતાના વિચારો તરફ સ્પષ્ટ રીતે દોરી જાય છે.

૨) વધતી ઉંમર જીવનમાં સ્પષ્ટતા, ધીરજ અને ઊંડી સમજણ લાવે છે.

૩) નવીનતા જિજ્ઞાસા દ્વારા પ્રેરિત થાય છે અને પછી જન્મ લે છે... ઉછરે છે. આ કોઈ યુવાનોની મોનોપોલી હોય એવું જરૂરી નથી.

મોટી ઉંમરના વડિલો સ્વસ્થ રહે, સુખી રહે, પ્રસન્ન રહે એવું ચોક્કસ ઈચ્છું, પણ વડીલો મોટી ઉંમરે ટેક-સેવી બને એ આજના જમાનાની ડિમાન્ડ વધારે છે. મોટા ભાગના વડીલો ઘરના નાના સભ્યોની હેલ્પ લઈ ટેક્નૉલૉજીનો ઉપયોગ કરતા હોય, પરંતુ જ્યાં છોકરાઓ ભેગા નથી અથવા વ્યસ્ત છે અને વડીલ દંપતી એકલાં જીવન જીવતાં હોય ત્યારે બીજા ઉપર નિર્ભર રહેવું એનો શો અર્થ ? નિર્ભિક બની ટેક્નૉલૉજી પ્રત્યે રસ કેળવે તો વડીલો સ્વંય ટેક્નૉલોજીમાં મહારથી થઈ શકે. જરૂર છે નવું જાણવાની તમન્નાની... નવું શીખવાની જિજ્ઞાસાની..

બૅન્કની લાઈનમાં ઊભા રહેવું, ટ્રેનની ટિકિટો માટે એજન્ટ પર ખર્ચ કરવો, લોકલ ટ્રેનની ટિકિટો માટે લાઈનમાં ઊભા રહેવું, સફર કરતા હોય ત્યારે સ્થળો વિશે પબ્લિકનો પૂછતા રહેવું, સ્વાસ્થ્ય પ્રત્યે બેદરકાર રહેવું, ઘરનાં ઈલેક્ટ્રિસિટી ઈત્યાદિ બિલોને ભરવા ધક્કા ખાવા. વડીલોને આ બધા માટે હેરાન થતા જોઈને દુઃખી થવું સ્વાભાવિક છે.

આજકાલ મોટા ભાગના વડીલો પાસે સ્માર્ટ ફોન હોય છે. કારણ? સ્માર્ટ ફોન હોય તો વૉટ્સઍપનો ઉપયોગ કરી શકે. યુ-ટ્યૂબ પર આવતી વીડિયો ક્લીપ જોઈ શકે. આવતા મેસેજોને કૉપી-પેસ્ટ કરી ફોરવર્ડ કરી શકાય. પરંતુ સ્માર્ટફોનનો ઉપયોગ અન્ય બાબતોમાં પણ એટલો જ અસરકારક રીતે થઈ શકે એ વાસ્તવિકતા છે.

Smartphoneમાં વીડિયો કે વૉઈસ કમાન્ડસનો ઉપયોગ કરી શકાય. કૅમેરાનો ઉપયોગ મનને પ્રફુલ્લિત કરી શકે એવાં પરિણામો લાવી શકાય. એલાર્મ ક્લૉક પણ હવે સ્માર્ટ ફોનમાં આવી ગયાં છે અને સ્માર્ટ ટીવી પણ...

ભારતમાં ડિજિટલ પેમેન્ટ્સ આમુલ પરિવર્તન લઈ આવ્યું છે. ગુગલ પે, ફોન પે, પેટીએમ આદિનો ઉપયોગ એકદમ સરળ અને ઝડપી બન્યો છે. ડિજિટલ પેમેંટસનો ઉપયોગ એટલે ઘરના બિલ વગેરે ભરવા આસાન થાય. બૅન્કોની નિરથર્ક લાઈનોમાં ઊભા રહેવાની જરૂર નહિ. પૈસા ટ્રાન્સ્ફર કરવા પણ સરળ બને છે.

રાષ્ટ્રીય, સહકારી કે પ્રાઈવેટ બૅન્કોમાં પણ આઈટી વિભાગ દ્વારા નવી નવી સુવિધાઓ ઉમેરવામાં આવે છે. ઓનલાઈન બૅન્કિંગ સેવાઓ અનેક સુવિધાઓ પૂરી પાડે છે. નવી ચેકબુકની રિકવેસ્ટ હવે ઘરબેઠા કરી શકાય. એના માટે બૅન્કમાં જવાની જરૂર નથી રહી.

મોટી ઉંમરના વડીલોમાં એક એવી માન્યતા છે કે રેલ્વે ટિકિટ કાઢવા સ્ટેશને ન જવું હોય તો એજન્ટનો કહેવું પડે. આરઆઈટીસીની સાઈટ એટલી સુગમ બની છે કે તમે જાતે ઘેર બેસી, ગમે એ સમયે રેલ્વે ટિકિટ કઢાવી શકો. રેલ વન ઍપથી તમે લોકલ ટ્રેનની ટિકિટ આસાનીથી કઢાવી શકો. તત્કાલ ટિકિટ માટે એવું કહેવાતું કે આપણે ન કાઢી શકીએ. એજન્ટથી જ તત્કાલ ટિકિટ નીકળે પરંતુ રેલ્વે મિનિસ્ટ્રીએ હાલ કરેલા

આદેશ મુજબ રેલ-વૉલેટનો ઉપયોગ કરી તમે પણ તત્કાલ ટિકિટ કાઢી શકો.

નેવિગેશન એપ્લિકેશન બહુ જ ઉપયોગી પુરવાર થતી હોય છે. આ ઍપની મદદથી વડીલો ટ્રાવેલિંગ માટે બહાર નીકળે તો મોટા ભાગના સ્થળે સહેલાઈથી પહોંચી શકે. પોતાની મુલાકાતનાં સ્થળોનું અંતર, રુટ, લાગનાર સમય સુધ્ધાં આગોતરું જાણી શકે. ન કોઈને પૂછવાની ઝંઝટ કે ન છેતરાવાનો ડર.

ડિજિટલ હેલ્થ મોનિટરિંગ સિસ્ટમ એક નવા રિવોલ્યુશનને લઈ આવી છે. સ્માર્ટફોન કે સ્માર્ટ રિસ્ટબૅન્ડ થકી વડીલો પોતાના વાઈટલ પેરામિટર્સનું બરોબર ધ્યાન રાખી શકે. વત્તા આ ડિજિટલ ડિવાઈસ આપના સ્વાસ્થ્ય માટે લોગ રેકૉર્ડ રાખે એ અલગ. ઓનલાઈન મેડિકલ સર્વિસ અને હેલ્પ પણ નવાં પરિમાણો સાથે વડીલોના દૈનિક જીવનમાં પ્રવેશી ચૂકી છે. ઘરની અંદર લાઈટ કંટ્રોલથી માંડી ગમતા મ્યુઝિકને સાંભળવા એલેક્ષા કે ગૂગલ નેસ્ટ અત્યંત ઉપયોગી પુરવાર થાય છે.

મોટી ઉંમરના વડીલોને કોઈ એક વસ્તુ બીજાને મોકલવી હોય તો ઓશિયાળા બની જાય. વી-ફાસ્ટ જેવી ઍપ વડીલોને અત્યંત મદદરૂપ થાય. વી-ફાસ્ટનો ઉપયોગ કરી વસ્તુઓ મોકલવા શારીરિક રીતે હેરાન થવાની હવે જરૂર રહેતી નથી.

એમ ઈન્ડિકેટર જેવી ઍપ લોકલ ટ્રેનના ટાઈમથી માંડી બસના રુટ વિશે માહિતી આપે છે તો રેલ્વેનું લાઈવ રનિંગ સ્ટેટસ મુસાફરી વિશે માહિતી આપે છે. ડિઝી-યાત્રા વિમાનયાત્રામાં સિક્યોરિટી ચેકિંગનો ટાળી એન્ટ્રીને સરળ બનાવે તો ડાઈગ્નોસ્ટિક સેન્ટરની ઍપ હોમ-વિઝિટનું પ્લાન કરવા માટે.

ઘણી વખત જોઉં કે મોટી ઉંમરના વડીલો ઓલા-ઉબર બુક કરવા ઘરના બીજા નાની ઉંમરના સભ્યોની હેલ્પ લેતા હોય છે. આમ જોવા જઈએ તો ઓલા-ઉબર કે રેપિડોથી કૅબ કે રિક્ષા બુક કરવી એકદમ સરળ છે.

લોકોપયોગી પ્રવૃત્તિઓમાં કાર્યરત સામાજિક સંસ્થાઓ વર્ષો પહેલાં Email મોકલવા કે Internetનો ઉપયોગ કરવા ક્લાસીસ કંડક્ટ કરતી. સમય અને ટેક્નૉલૉજી ઝડપથી બદલાય છે. હવે હાથના મોબાઈલમાં આખું વિશ્વ સમાઈ ગયું છે ત્યારે વૃદ્ધો ટેક-સેવી બની સમૃદ્ધ બને એવી આશા.

વૃદ્ધત્વની વિટંબણા વિશે ખૂબ લખાય છે. જનરેશન ગૅપ વિશે પણ ખૂબ લખાય છે. વૃદ્ધોને મનથી અને તનથી સ્વસ્થ રહેવા ખૂબ સલાહ અપાય છે, પરંતુ વડીલો ખરા અર્થમાં સ્વતંત્ર અને સ્વસ્થ ત્યારે જ બનશે જ્યારે તેઓ પોતાનાં તમામ કામ જાતે કરી લે. ટેક્નૉલૉજી એમાં મહત્ત્વનો ભાગ ભજવે.

આ લેખ વાંચી બુક માય શો પર તમને ગમતી ગુજરાતી મુવીની બે ટિકિટનું બુકિંગ (સાથે પોર્પકોર્નનું પૅકેડ પણ) કરી આપનાં પૌત્ર/પૌત્રીને બતાવશો તો એ ચોક્કસ તમારા ગળે વળગી પડશે.

મોટા આસંબિયા
નિ:શબ્દ - મો. : ૯૮૨૦૧૪૫૧૪૩



# હું, મને અને મારું

ડૉ. શિરીષ ભાનુમતીબેન ચુનીલાલ માલદે

*મતલબી...હો જા જરા મતલબી...*
*દુનિયા કી સુનતા હે ક્યું... ખુદ કી ભી સુન લે કભી...*

હિન્દી મૂવી ''રોય''ના એક ગીતની આ પંક્તિ કટાક્ષમાં વ્યક્તિને પોતાના નિજાનંદમાં રહેવા માટે સમજાવે છે. પોતા માટે કંઈ જ ન વિચારી, હંમેશાં પોતાનાં પરિવારજનો, સગાં-વહાલાં, મિત્રોની પરવા કરનારા લોકો માટે આ એકદમ બંધબેસતું છે. પતિ, બાળકોના સમય અને સગવડ સાચવવામાં 24 x 7 વ્યસ્ત રહેનારી ગૃહિણી હોય કે ૧૮ કલાક દુકાન પર વ્યસ્ત રહેનાર વ્યક્તિ હોય કે બ્રેક વગર દાયકાઓ સુધી નોકરી કરનાર વ્યક્તિ... જવાબદારીના બોજા હેઠળ પોતાના વ્યક્તિગત શોખ હોબી, મનપસંદ પ્રવૃત્તિઓ કે અરમાન ને માળીયે ચડાવી દેતા હોય છે. પોતાની રીતે જીવવું ભૂલી જાય છે. તેવા લોકો ને દુનિયા શું કહેશે ની પરવા કર્યા વગર પોતાની રીતે જીવવા ઉત્સ્ફૂર્ત કરે છે.

પણ આજે એવું લાગે છે કે સમયના ચક્રએ 180 ડિગ્રીનો વળાંક લીધો છે. લોકોએ હવે ઉપરનો ઉપદેશ ઘણો વધારે સિરિયસલી લઈ લીધો હોય એવું લાગે છે. આજના ઝડપી જીવનમાં લોકો વધુમાં વધુ સ્વકેન્દ્રીય બની રહ્યા છે પોતાની જરૂરિયાતો, પોતાની ઈમેજ અને પોતાની સફળતા પર જ ધ્યાન કેન્દ્રિત કરે છે. અન્યની ચિંતા કરવાનું ભૂલી જાય છે. લોકો હવે ''વધારે સમજદાર'' થઈ ગયા છે એમ કહેવાને બદલે ''વધારે ચાલાક'' થઈ ગયા એમ કહું તોય ચાલે.

સમજદારી હવે સંવેદનાથી નહીં, પણ સુવિધાથી મપાઈ રહી છે. સંબંધો હવે દિલથી નહીં, પણ જરૂરિયાત પ્રમાણે બને છે અને ટકે છે. જ્યાં સુધી મતલબ છે ત્યાં સુધી અપનાપન છે, જ્યાં મતલબ ખતમ ત્યાં સંબંધ ખતમ.

લોકો માણસ કેવો છે એ નથી જોતા, પણ તેની પાસેથી મને શું મળી શકે છે તે જુએ છે. આ વ્યવહારની સૌથી મોટી અસર એ છે કે વ્યક્તિ અંદરથી એકલી પડતી જાય છે. ''એકાંત'' વ્યક્તિને વિચારશીલ અને માનસિક રીતે સમૃદ્ધ બનાવે છે, જ્યારે ''એકલતા'' એ ભયાનક છે. વ્યક્તિને ખોખલી બનાવે છે, વિચારશક્તિ કુંઠિત થઈ જાય છે અને નિરાશા તરફ ધકેલે છે.

મનુષ્ય એ સામાજિક અને પારિવારિક પ્રાણી છે. એકબીજા સાથે વાતચીત એ ઑક્સિજનનું કામ કરે છે, પણ કહેવાતી મૉડર્ન લાઈફ સ્ટાઈલ વ્યક્તિને એકલતા તરફ ધકેલવામાં મોટો ભાગ ભજવે છે એમ કહું તો અતિશયોક્તિ નથી.

**પર્સનલ સ્પેસ :** આબાલ-વૃદ્ધ બધાને આજે પર્સનલ સ્પેસ ખપે છે. યાદ કરો, આજથી બે-ત્રણ દાયકા પહેલાં બિલ્ડિંગમાં કે ચાલમાં મોટા ભાગનો સમાજ વસતો હતો ત્યારે પર્સનલ સ્પેસ જેવું અસ્તિત્વ જ નહોતું. પડોશીનું ઘર એ આપણું જ એક્સટેન્ડેડ હોમ હતું. કમ્યુનિકેશનમાં ૧૫ પૈસાના પોસ્ટકાર્ડનું ચલણ હતું જેમાં પ્રાઈવસીની કોઈને

જરાય ચિંતા નહોતી. આજે પર્સનલ સ્પેસ એક દૈત્ય સમાન બની ગયું છે. મુંબઈ જેવાં શહેરોમાં નાનાં ઘરોમાં પર્સનલ સ્પેસનો અભાવ સગપણમાં સૌથી મોટી બાધા બને છે. પર્સનલ સ્પેસમાં રહેતાં બાળકોની પ્રવૃત્તિ ઉપર મા-બાપનું ધ્યાન નથી રહેતું. પર્સનલ સ્પેસમાં વધારે સમય ગાળતા કુટુંબીજનો સામે શંકાની નજરે જોવાય છે. વ્યક્તિગત રીતે પર્સનલ સ્પેસ કોઈકને મોકળાશ આપતી હશે, પણ કૌટુંબિક રીતે દરેક કુટુંબીજનોની વચ્ચે દીવાલ ઊભી કરે છે.

**વ્યક્તિગત સ્વતંત્રતા :** પોતાની મરજી પ્રમાણે રહેવું, ફરવું, ખાવું એ સારી વાત છે, પણ સામાજિક અને કૌટુંબિક લેવલ પર ઘણી વખત અંતરાય ઊભા કરે છે. Gen Z જનરેશનને આપણા ધાર્મિક કે પારંપરિક ઉત્સવ અને ઉજવણીમાં સામેલ થવું બોરિંગ લાગે છે, ટાઈમ વેસ્ટ લાગે છે અને અહીંયાં તેઓ ધીમેધીમે અર્થપૂર્ણ ધાર્મિક સમજણથી દૂર થતા જાય છે. સમાજના વિઘટનની આ શરૂઆત છે. સ્વતંત્ર વિચારસરણી ધરાવવી એ ખોટી વાત નથી, પણ સ્વતંત્રતા અને સ્વચ્છંદતામાં બહુ બારીક રેખા છે જે બહુ સહેલાઈથી ઓળંગાઈ જવાય છે.

એક નાનકડું ઉદાહરણ લઈએ. ઘરમાં ડિનરમાં બધા માટે ખીચડી એ આપણા સમાજમાં સામાન્ય મેનુ રહેતું હતું. બધા જ પરિવારજનો એકસાથે બેસીને જમી લે છે. કોઈકને વધારે ભાવે છે, તો કોઈકનો ઓછી, પણ છેવટે બધા જ સંતોષના ઓડકાર સાથે જમીને ઊભા થાય છે. મૉડર્ન વિચારધારા પ્રમાણે આ પરિસ્થિતિમાં જેમને ખીચડી ભાવતી નથી તેઓ બીજી વાનગી માટે આગ્રહ કરે છે. જો ઘરમાં નથી બનતી તો Zomato, Swiggy પર તરત ઑર્ડર અપાય છે. બધાનું જમવાનું એકસાથે શક્ય બનતું નથી અને એક કૌટુંબિક બોન્ડ નબળો પડવાની સંભાવના વધી જાય છે. સૌથી મોટું નુકસાન એ છે કે વ્યક્તિમાં બાંધછોડનો ગુણ વિકાસતો નથી, એટીટ્યૂડમાં ફ્લેક્સિબિલિટી આવતી નથી અને કુટુંબ માટે જરૂર પડે ત્યારે ત્યાગ કરવાની વૃત્તિ ખીલતી નથી.

૧૦ મિનિટમાં ઈન્સ્ટન્ટ ડિલિવરી કરનાર સર્વિસને લીધે પડોશીઓમાં વાટકી વહેવાર લગભગ બંધ થઈ ગયો છે. ચા પાઉડર, સાકર, લીંબુ, આદું-મરચાં જેવી ચીજો ખતમ થઈ ગઈ હોય ત્યારે પડોશીને ત્યાંથી હકથી લઈ આવવાને બદલે ઍપ દ્વારા તરત મંગાવી લેવાય છે. આમ ઘરોબો ઘટતો જાય છે, અતડાપણું વધતું જાય છે.

**સોશિયલ મીડિયા :** એક્ચ્યુઅલને બદલે વર્ચ્યુઅલ દુનિયાનું મહત્ત્વ ઘણું વધી ગયું છે. પોતાની રોજિંદી હોય કે પછી એક્સ્ટ્રા ઓર્ડિનરી પ્રવૃત્તિ હોય... સ્વકેન્દ્રીય સેલ્ફ પ્રોમોશન એક નિયમ બની ગયું છે. પોસ્ટને મળતી લાઈક એ જીવનનો નવો માપદંડ બની રહ્યો છે. ઈન્સ્ટન્ટ ગ્રેટિફિકેશન (ડોપામાઈન હિટ) જીવનની સાર્થકતા નક્કી કરે છે. દરેક વ્યક્તિ પોતાના જીવનની મહત્ત્વની ક્ષણો શેર કરીને ધ્યાન ખેંચવા માંગે છે. હદ તો ત્યારે થાય છે જ્યારે કોઈ દુર્ઘટના થઈ હોય અને કોઈને તાત્કાલિક મદદની જરૂર હોય છે ત્યારે સંવેદના ભૂલી ને મદદ માટે હાથ લંબાવવાને બદલે તે દુર્ઘટનાને કૅમેરામાં

કૅપ્ચર કરવા હાથ લંબાય છે. સોશિયલ મીડિયાની ખતરનાક બાજુ એક એ છે કે તમે ગમે તેવી ઉટપટાંગ, નકારાત્મક કે વિધ્વંસક વિચારસરણી કે દ્રષ્ટિકોણ ધરાવતી પોસ્ટ મૂકી હોય, તમને સપોર્ટ કરનાર લોકો મળી જ રહે છે. તેથી લોકોમાં 'હું જ સાચો અને બાકી અધૂરા' એવી ગેરસમજ મજબૂત બનતી જાય છે.

**દાંપત્યજીવનમાં સ્વકેન્દ્રીયપણું :**

વિવાહમાં બે કુટુંબ નજીક આવે છે અને બંને પાત્રો એક થાય છે, પણ જો વિવાહમાં સ્વકેન્દ્રીયપણું આવી જાય તો તે સંબંધ માટે અત્યંત ઘાતક સાબિત થઈ શકે છે, જેમ કે,

